ISBN-978-81-977089-3-0
Second Edition

Dr. Hina M Patel is the Principal of the College since 2009. She has done her graduation in Economics from St. Xavier's College, Ahmedabad. Further she has obtained Master's degree and M.Phil in Economics from School of Social Sciences. Gujarat University, Ahmedabad. She has also done Master's in English from BAOU. She has also earned Ph.D. Degree in Economics.She is a member of Academic Council. Board Study in Economics. Adhoc Board of Study of B.Voc at HNGU, Patan. She is a research guide for Ph.D. In Economics at HNGU, Patan. She is also a member in NAAC PEER Team and AAA PEER Team. She has an overall experience of 32 years in this profession which includes 15 years of experience as a Principal at Maniben M. P. Shah Mahila Arts College, Kadi.
She is also interested in International Economics, Micro Economics, Management and Planning, Administration. She is author of several books and published many research papers/articles in reputed Educational Journals and also presented papers at state, national an international conferences/seminars.

Dr. Varsha C. Brahmbhatt is the Associate Professor of the Maniben M. P. Shah Mahila Arts College, Kadi Since 1993. She has done her Graduation in Gujarati from St. Xavier's College, Gujarat University, Ahmedabad. Further there after she has completed her Master's Degree in Gujarati from School of Languages, Gujarat University, Ahmedabad. She has been Awarded Ph.D. Degree in Gujarati by Gujarat University, Ahmedabad.
She has Actively Involved in her Teaching Profession. She has having 30 years of experience at graduation level and 15 years of experience at post graduation level. She has depth knowledge in Literature. she has interest in reading, writing, music and travelling. She is also involve with cultural activities at college. She has Published many Research Paper / Articles in Reputed Educational Journals. She is working as a NAAC and IQAC Coordinator in the College.

Publisher
Maniben M. P. Shah Mahila Arts College,
Opp. N.C. Desai Petrol Pump,
Kadi - 382715, Dist. : Mehsana
Gujarat, India
Ph. : (02764) 242072
Email : hina639@gmail.com

ISBN 978-81-977089-3-0
9 788197 708930

ANVESHAN

Editor
Dr. Hina M. Patel
Dr. Varsha C. Brahmbhatt

ISBN-978-81-977089-3-0
Second Edition

Anveshan

Dr. Hina M. Patel

Dr. Varsha C. Brahmbhatt

“Anveshan”

Maniben M. P. Shah Mahila Arts College

Publisher

ISBN-978-81-977089-3-0
Second Edition

Published by:

MANIBEN M. P. SHAH MAHILA ARTS COLLEGE,

Opp. N. C. Desai Petrol Pump,

Kadi - 382715, Dist - Mehsana,

Gujarat, India

Ph.: (02764) 242072

E-Mail: hina639@gmail.com

Published - 2024

© Reserved

ISBN: 978-81-977089-3-0

Second Edition

All rights reserved. No part of this book may be reproduced in any form or by any mean without permission in writing from the publisher.

Published at: Kadi

ISBN-978-81-977089-3-0
Second Edition

CONTENTS

Sr. No.	Title & Author	Page No.
1	સુરેશ જોષી - આધુનિક સર્જક પ્રા. હરસુખભાઇ એચ.પરમાર માનસી પી. પટેલ	1
2	મહાભારતમાં મળતી ગીતાઓ પ્રા. ધર્મેન્દ્રભાઈ કે. ચૌધરી પ્રા. મધુબેન. એસ. ઠાકોર	7
3	હિન્દનું બુલબુલ હસમુખભાઈ એમ. સોલંકી અપેક્ષાબેન એન. પંડ્યા	10
4	દત્તાત્રેયના ચોવીસ ગુરૂ જીતેન્દ્રસિંહ ડી. વિહોલ નરમીન એસ. પટેલ	12
5	ગુજરાતી સાહિત્ય પર પાશ્ચાત્ય સાહિત્યનો પ્રભાવ ડૉ. રતનબેન પી. સોલંકી સનોબર ઝેડ. શેખ	14
6	ગ્રામીણ સ્ત્રીઓ વિકાસના પંથે ડૉ. જલ્પાબેન વી. પ્રજાપતિ	21
7	ગ્લોબલ વોર્મિંગ ડૉ. લક્ષ્મીબેન એન. ઠાકોર	25
8	મહાભારતની સમીક્ષિત આવૃત્તિ, વાચનાઓ એવં પ્રક્ષેપો ડૉ. તરુલતા વી.પટેલ અશ્વિની બાદ્દલે	27
9	એગ્રીકલ્ચરલ ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી આત્મા ડૉ. કિંજલબા ધર્મેન્દ્રસિંહ ચુડાસમા ભારતીબેન રમેશભાઈ પ્રજાપતિ	33

ISBN-978-81-977089-3-0
Second Edition

સુરેશ જોષી - આધુનિક સર્જક

પ્રા. હરસુખભાઇ એચ.પરમાર
એસોસિયેટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ,
મણીબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડી
માનસી પી. પટેલ
મુલાકાતી વ્યાખ્યાતા, ગુજરાતી વિભાગ,
મણીબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડી

સુરેશ જોષીનું આગમન એ ગુજરાતી સાહિત્યમાં એક મહત્વની ઘટના પુરવાર થઈ તેમના દ્વારા ગુજરાતી સાહિત્યને જે ઘાટ અને દિશા પ્રાપ્ત થયા તેને કારણે તેમનું અર્પણ ગુજરાતી સાહિત્યમાં આગામી વર્ષોમાં પણ વિશિષ્ટ લેવાશે. સુરેશ જોષીનું નામ લીધા વિના ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ લખવો શક્ય નથી. જેને આધુનિક યુગ કહીએ છીએ તેને સુરેશ જોષી યુગ કહેવામાં અતિશયોક્તિ નથી.

સુરેશ જોષીનો જન્મ સુરત જિલ્લાના વાલોડ નામના ગામમાં તેમના મોસાળમાં ઇ.સ.૧૯૨૧માં થયો હતો.પ્રાથમિક શિક્ષણ સોનગઢમાં અને માધ્યમિક શિક્ષણ ગંગાધરાની શાળામાં લઇ નવસારીમાંથી ૧૯૩૮માં મેટ્રીકની પરીક્ષા પાસ કરી મુંબઇની એલિફન્ટન કોલેજમાંથી ૧૯૪૩માં ગુજરાતી વિષયમાં સીજિમ છે અને ૧૯૪૫માં ૨૦જી. ની પરીક્ષા બીજા નંબરે પાસ કરી.

સોનગઢનો કિલ્લો, નદી અને ડુંગરા, જંગલ અને કલ્પનાની પરીઓ વગેરેથી સર્જકનું બાળપણ ભર્યું ભર્યું હતું. આઠ વર્ષની ઉંમરે જ તેમણે કાવ્યરચના કરી હતી. તો કોલેજકાળમાં વિશ્વસાહિત્યની ઉત્તમ કૃતિઓનો પરીચય પ્રત્યક્ષપણે કર્યો હતો. સંસ્કૃત ઉપરાંત બંગાળી અને તે પછી અંગ્રેજી દ્વારા વિશ્વની અગત્યની ભાષાઓના પ્રયોગશીલ સાહિત્યનું વાંચન કર્યું હતું. ૧૯૫૬માં "ઉપજાતિ" કવિતાસંગ્રહ લઇ તેમણે ગુજરાતી સાહિત્યમાં પ્રવેશ કર્યો. ૧૯૬૧માં "પ્રત્યાયા" કાવ્યસંગ્રહ આપ્યો અને પુરોગામી "ઉપજાતિ" કાવ્યસંગ્રહને રદ કરવાની ઘોષણા કરી. તે પછી કવિતા, વાર્તા, નવલકથા, નિબંધ, વિવેચન, સંશોધન, અનુવાદ વગેરેમાં પ્રયોગશીલ રહી નવી કેડી પાડી રબજિતરામ સુવર્ણચંદ્રક, નર્મદ સુવર્ણચંદ્રક તેમજ દિલ્હી સાહિત્ય અકાદમી તરફથી અપાતા એવોર્ડ દ્વારા તેમને પુરસ્કારવામાં આવ્યા. જો કે અકાદ મીના એવોર્ડનો તેમણે સકારણ, સવિનય અસ્વીકાર કર્યો હતો. પૂર્વ અને પશ્ચિમના સાહિત્યના ઊંડા અભ્યાસી હતા. તેજસ્વી અધ્યાપક, પ્રયોગશીલ સર્જક, વિદ્ય વિવેચક, પ્રતિભાશાળી ચિંતક, નિડર પત્રકાર અને સફળ અનુવાદક સુરેશ જોષી ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાનું આંદોલન લઇને આવ્યા. અને સ્થગિત થવા લાગતા ગુજરાતી સર્જહૌ વિવેચનનાં જડને પુનઃપ્રવાહિત કરવા જીવનભર મથામણ કરી.

સુરેશ જોષી પાસેથી પધ-ગધ બંનેમાં તેમજ વિવેચન, સંપાદક વગેરેમાં વિપુલ પ્રમાણમાં સર્જન પ્રાપ્ત થાય છે. સર્જક અને વિવેચનની એક એવી આબોહવા તેમણે નિર્માણ કરી.

ISBN-978-81-977089-3-0
Second Edition

સુરેશ જોષી પાસેથી "ઉપજાતિ" "પ્રત્યેચા" "તથાપિ" "ઇતરા વગેરે કાવ્યસંગ્રહો પ્રાપ્ત થાય છે. તેમની કવિતાની કથનરીતિ, કેટલાંક કાવ્યોમાં પરંપરાગત છંદડવિતા પ્રમાણેની તેમજ વિષયોનું પણ પરંપરાગત નિરૂપણ જોવા મળે છે. તેમની બધી રચનાઓ એટલે કે ઉપજાતિ" કાવ્યસંગ્રહની સમગ્ર રચના ઉપજાતિ છંદમાં રચાયેલી છે જેમ કે,

"હું તોપને હાલરડું ગવાડું, ને બોમ્બને પુષ્પની વૃષ્ટિ શીખવું. મારી ખુશીના જળમાં ઝબોળી, હું નિષ્ઠુરોના સૌ પાપ લોઉં."

વિષાદ અને વ્યયાનો આ ભાવરંગી રોમેન્ટિક અભિગમ જેમ કે "હું ખુશ છું " ગાનાર કવિને એક સાચા કવિ લેખે કૃતક લાગવાની સંભાવના છે. આધુનિકયુગની નવી પ્રતિકી રચના (કવિતા) નગરજીવન પ્રત્યેની ધૃણા, સ્વની શોધ, વ્યક્તિત્વની વિછિન્નતા, આત્મવિડંબના, વ્યર્થતા, હતાશા, લાચારી વગેરે ભાવોને લઇને ભાષાની કલ્પનાની અભિવ્યક્તિની નૂતનતા તેમની કવિતામાં આવે છે. માનવી પળેપળ

મુંઝવણ અનુભવી રહ્યો છે, જીવનની વિછિન્નતા તેને અકળાવી રહી છે, તેયીજીવન-મૃત્યુની ભીષણ વેદના તેમની કાવ્યરચનાનો વિષય બને છે. જેમ કે, અમારું ઘર" કાવ્યમાં, "પેલે ખૂણે દેખાય છે. અંધારામાં તમને કશું ? અંધારાના કો પિંડ શું? હા, એ જ છું હું- (હું ? અરે શાને કહું કે એ હું જ છું કાતિલ ઠંડીમાં પડિયું ઢગલો થઇ કૂતરું. માલિક જેનું કોઈના એવું પડિયું કો પોટલું,)

"સવાર" "પાખંડી" "ગ્રીષ્મબપોર" "સંક્ષિપ્ત સમાયણ" "ચાર વિડંબના" "હું" "સૂર્યા "રોજરાતે" "કદાચ" વગેરે રચનાઓ સુરેશ જોષીની સર્જક પ્રતિભાની ગુણવત્તા પ્રગટ કરે છે. આકૃતિ અને અભિવ્યક્તિની બધી રીતે નવેસસ્થી તીવ્ર કલાભાન સાથે પ્રગટ થતાં કવિ છે. તેમની કવિતામાં આકૃતિ અને અભિવ્યક્તિના નવિન અને તાજગીસભર પ્રયોગો છે. જૂના-પુરણાં પ્રતિકો અને પ્રાચીન સંદર્ભોને નવિન અર્થ સંદર્ભો આપી તેનો સર્જનમાં ઉપયોગ કરે છે. "હું" રચના જોઇએ તો,

"અંધારની રણરેતમાં મૃત ચંદ્ર કેરો પ્રેત શો ભમતો ફરું, પવનનાં આ હાડ તીણાંની સરણો બુઠ્ઠા થયેલાં શૂન્યની રે ધારા હું કાઢયા કરું "

આ રચનામાં તેમણે પ્રયોજેલ અંધારાની રણરેત નવીનતા ધરાવે છે.આ પહેલા આમ તો "અંધાર" શબ્દ આધુનિક કવિતામાં પ્રયોજાય છે. પણ "અંધારની રણરેત નવો જ શબ્દ છે. જેમાં અંધાર દ્વારા ભયાવહતા, અને રણ" રહેતા તેમાં મરુભૂમિની વંધ્યતા,નિર્જનતા અને એકલતા ઉમેરાતા આ અંધારની ભયાવહતા એ ગાઢ બને છે. તેમાં પણ "રણરેત દ્વારા રેતીના રણમાં ચાલતા થાકીને લોથપોથ થઇ જવાનો ભાવ ઉમેરાય છે. આ જગ્યાએ પ્રેત જેવો હું દ્વારા અવગતિયો જીવ જે અનંત રઝળપાટ કરે છે અને તે પણ મૃત ચંદ્રના પ્રેત જેવો બિહામણો છે. અહીં સુરેશ જોષીની પરંપરાગત કવિઓથી અલગ પડવાની એક આધુનિક કવિની રીતિ - નીતિ જોવા મળે છે.

સુરેશ જોષીએ બીજા આધુનિક કવિઓની જેમ કવિતામાં ઇશ્વરના ઇન્કારને જુદા - જુદા કલ્પનો દ્વારા પણ પ્રગટ કરે છે. જેમ કે,

ISBN-978-81-977089-3-0
Second Edition

"કાલે સાગર છલડે તો કહેજો કે મારા હૃદયમાં ખડક થઇ ગયેલા કાળમીંટ ઇશ્વરના ચૂરેચૂરા કરવા બાકી છે...."

ઇશ્વરના આ ઇન્કાર દ્વારા મનુષ્યની પ્રતિષ્ઠા કરે છે. તેમજ સૂર્યને બદલે અંધકાર, પ્રકાશને સ્થાને મૃત્યુ અને સ્વર્ગને બદલે નરકને વિષય બનાવ્યા છે.

સુરેશ જોષીએ નવલિકાઓના જુદા જુદા સંગ્રહો આપ્યા છે. જેમાં ૧૯૫૭માં ગૃહપ્રવેશ વાર્તાસંગ્રહ દ્વારા નવલિકાક્ષેત્રે નવિન પ્રયોગો સાથે સૌનું ધ્યાન ખેંચે એ રીતે પ્રવેશ કર્યો. આ સંગ્રહના પ્રારંભે તેમણે નૂતન વાર્તાપ્રવાહની દિશા અને તે તરફ અંગૂલી નિર્દેશ કર્યો છે. તેમની પાસેથી "ગૃહપ્રવેશ" "બીજી થોડીક" "અપિય" " ન તંત્ર સૂર્યા ભાતિ વગેરે ટૂંકીવાર્તાના સંગ્રહો આપ્યા છે. સુરેશ જોથી પોતાની કલાગત વિભાગના પ્રમાણે થોડીક પરંતુ ઉત્તમ પ્રકારની કલાકૃતિ આપવી એવું માનતા હતા. તેથી જ તો તેમની ટૂંકીવાર્તાઓમાં વિષયવસ્તુનું વૈવિધ્ય પ્રમાણમાં ઓછું છે. પરંતુ તેની સામે ભાષાકર્મ, રૂપનિર્મિતિ તેમજ સંવિધાનકલીના સંદર્ભે તેઓ સક્રિય રહ્યા છે. તેમની પ્રયોગવૃત્તિનું સાનુકૂળ માદ્યમ સન્નિધિકરણ છે.

સુરેશ જોષીનું ધ્યાન ખેંચતુ લક્ષણ છે તેમની પ્રયોગશીલતા. સાહિત્યક પ્રકારની વ્યાખ્યા બદલવી પડે તેવી અરૂઢતા અને ઉન્મેષો તેમની ટૂંકીવાર્તા તથા નવલકથાના સંદર્ભમાં જોઇ શકાય છે. નવીવાર્તા" કે "આધુનિક ટૂંકીવાર્તા" નુંપ્રસ્થાનબિંદુ તેમની "ગૃહપ્રવેશ"ની વાર્તાઓ તથા તેનું પ્રાસ્તાવિક બને છે. "ઘટનાનો લોપ" કે "ઘટનાતત્વોનો હ્રાસ" તેમની રચનાઓમાં જોવા મળે છે. તેમની મોટાભાગની વાર્તાઓમાં વિષાદ અને વેદનાનો સૂર સંભળાતો રહે છે. સામાજિક દંભ, જીવનમૂલ્યો તેની સામેનો વિદ્રોહ વગેરે તેમની વાર્તાઓમાં છે. તેમની વાતીઓમાં "જન્મોત્સવ" "પાંચમો દાવ" "નળદમયંતી "સાતપાતાળ" "ત્રણ લંગડાની વાર્તા" "વાર્તા કહોને" "સેતુબંધ" "કાદવ અને કમળ" "ચૂંબન" "પ્રિયતમા "એક મુલાકાત" "ગૃહપ્રવેશ", "કુરૂક્ષેત્ર", "થીગડું, "એક પુરાણી વાર્તા", "લોહનગર", વરપ્રાપ્તિ" વગેરે તેમની જાણીતી વાર્તાઓ છે.

કવિતા અને ટૂંકીવાર્તાની જેમ નવલકથા સ્વરૂપમાં પણ નવીન પરિવર્તનો નવા પ્રયોગો કરી બતાવ્યા છે. લઘુનવલ પ્રકારની તેમની નવલકથાઓ છે. "છિન્નપત્ર" "મરણોત્તર તેમની જાણીતી નવલકથાઓ છે. નવલકથાના પરંપરિત સ્વરૂપને બદલે જુદા સ્વરૂપે નવલકથા લખે છે. નવલકથાનો નાભિશ્વાસ ચાલી રહ્યો છે. એવું નિદાન કર્યા બાદ વિવેચક સુરેશ જોષી એક સર્જક તરીકે આ ક્ષેત્રમાં કોઇ પ્રાણસંચાર કરી શક્યા નથી. તેમ છતાં પ્રયોગશીલરૂપે તેમણે નવલકથાઓ લખી છે.

સુરેશ જોષીની "વિદુલા" અને "કથાયક" નામે બે રચનાઓ અગાઉ નવલકથા તરીકે પ્રગટ થઈ ન હતી પરંતુ વાર્તાસંગ્રહમાં પ્રગટ થઇ હતી. પરંતુ તેમણે જ આ વાસિંગ્રહની રચનાઓને નવલકથાની સાથે જ મૂકી છે. તેમજ શિખા ત્રિવેદીને "હલિસ્ટ્રેટેડ વીકલી ઓફ ઇન્ડીયા માં આપેલ ઇન્ટરવ્યૂમાં પોતે ચાર નવલકથાઓ લીધી છે એવો એકરાર કર્યો છે. તેથી તેમની "છિન્નપત્ર", "મરણોતર", "વિદુલા" અને "કથાયક" ને "કથાયતુષ્ય રૂપે પ્રાપ્ત થાય છે અને આ ચારેય રચનાઓ એક યા બીજી રીતે પરસ્પર

સંલગ્ન છે અને તેમની વચ્ચે સામ્ય રહેલુ છે.સુક્ષ્મ અનુસંધાન છે પ્રેમ, મૃત્યુ, અસ્તિત્વ અને નવ્ય નારીવાદનું નિરૂપણ ચૈતસિક રીતે થયું છે.

"વિદુલ"માં નાયિકા વિદુલાના પાત્ર દ્વારા સુરેશ જોષીએ નારીના આભ્યંતરનો સવિર્ષક પરિચય કરાવ્યો છે. તેમજ જીવનની હૈતુશૂન્યતા, રિકતતા, હતાશા અને વ્યર્થાનો વધારે કાર્યક્ષેત્રમાં સાક્ષાત્કાર કરાવ્યો છે. તો "કયાયક" માં નારીની સાથે કાળને પણ સુરેશ જોષીએ કેન્દ્રમાં મૂકી આપ્યો છે. રચનાના છેલ્લા ખંડમાં કથાનાયકને પ્રશ્ન પૂછવામાં આવે છે કે "સૌથી વધુ ભય રોનો લાગ્યો ?" જેનો જવાબ છે કે "સમય અને નારીનો નાયક કહે છે કે "હા કાળ અને નારી બન્નેના સ્વરૂપ એક જ. બન્ને રહસ્યમય, બંન્ને વિનાશકારી વિદુલાની જેમ આ નાયક પણ અંતે તો પોતાને સિધ્ધ કરવાના પરિશ્રમની વ્યર્થતા અને એ અનુભવની વ્યચા-વેદના અનુભવી રહે છે.

"છિન્નપત્ર" સુરેશ જોષીની ટૂંકીવાર્તાની જેમ પ્રેમસંબંધ, સ્ત્રીનું અતાગમન, રહસ્યમય વર્તન આ સર્વેનો તાગ માપવાનું નાયકરૂપે જાણે સર્જક પોતે જ પ્રયત્ન કરે છે. પ્રેમ એ કોઇ નક્કર નિશ્ચિત તત્વ નથી પરંતુ પળેપળ બદલાતું જતુ, માનવને પણ બદલતું જતું, કેમિકલ રીએકશન ઉત્પન્ન કરતું રસાયણ છે. તે પામ્યા કરતાં પામવાના પ્રયત્નો તેમાંથી પ્રાપ્ત થતી વેદના અને મથામણ,આંતર સંબંધોની સંકુલ ભાત આ નવલકથામાં અભિવ્યક્ત થઈ છે. સૌ કોઈ પોતાનામાં થોડું થોડું રહસ્ય ઘૂંટતું હોય છે. જેની એધાણી મળે છે. કોઇની આંખમાં તો કોઈના સ્પર્શમાં કોઈવાર ને વ્યક્તિના રહસ્ય એકજ કેન્દ્રમાંથી વિસ્તરતા વર્તુળ જેવા જણાય છે, અજય, માલા અને લીલા આ ત્રણ મુખ્ય પાત્રો છે. જે પોતાને ઓળખવા, પામવા અને અન્યને પણ સમજવા, પામવા નિમિત બને છે.

"છિન્નપત્ર" પછી જાણે પ્રેમ, મૃત્યુની મીમાંસાનો ઉતરાઈ મરણોત્તર નવલકથામાં જોવા મળે છે. માલા (છિન્નપત્ર) હોય કે મૃણાલ (મરણોત્તર એક રોમેન્ટીક કવિનું દુહસ્વપ્ર નામક કાવ્ય) સુરેશ જોષી માટે સ્ત્રી જાણે રહસ્ય, વેદના, અદ્ભૂત અને આકર્ષણના મિશ્રિત ભાવોનું અગોચર સંયોજન છે. સુરેશ જોષીના સમગ્ર સર્જનમાં સ્ત્રી ને સમજવા- પામવાની મથામણ જણાય છે. આ સ્ત્રી પાર્થિવ શરીરનો પર્યાય નથી. પરંતુ વિશ્વની આદિમતાનું રહસ્ય જેનામાં સંગોપાયેલું છે. એવું અપાર્થિવ અસ્તિત્વ છે.

સુરેશ જોષીએ ગુજરાતી નિબંધને વધુ સર્જનાત્મક બનાવ્યો છે. તેમની પાસેથી "જનાન્તિકે" "ઇદમ સર્વમ્" "અહોબત કિમ આશ્ચર્યમ" "રમ્યણિ વીસ્ય" પ્રથમ પુરૂષ એકવચન" "વિદ્યા વિનારાના માર્ગે વગેરે નિબંધો પ્રાપ્ત થાય છે. સુરેશ જોષીએ ઐતિહાસિક દ્રષ્ટિએ નિબંધના સ્વરૂપમાં આમૂલ ફેરફારો કર્યા અને અનુગામી અનેક નિબધકારો તે શૈલીના અનુકરણમાં અટવાયા છે. તેમજ નિબંધનેતેમણે અંગત સ્વરૂપ જે છેતરામણી રીતે સરળ લાગે તે આપીને નિબંધને વધુ લોકપ્રિય બનાવ્યું તેમજ સંખ્યાની દ્રષ્ટિએ સૌથી વધુ નિબંધો લખ્યા છે.

આ નિબંધોમાં સર્જકના વ્યક્તિત્વનો સહચેતન સ્પર્શ સતત અનુભવાય છે. ઉદાહરણો જોઇએ તો "વર્ષાવંદન" માં કંજુસના કાણા ખીસ્સામાંથી સંતાડેલી સોનામહોર દેખાય છે. એમ કોઇવાર વાદળઘેર્યા

ISBN-978-81-977089-3-0
Second Edition

આકાશમાંથી તડકો અલપઝલપ દેખાય જાય છે. વર્ષામાં જે દેખાય છે તે અલપઝલપ. તો" ગુલાબ" ત્રણ પંક્તિનું હાઇકું જેમાં "ગુલાબ આમ તો નર્યું નગ્ન લાગે છે ને છતાં એ કેવું મૂલાયમ આચ્છાદન છે. એને કશું સંગોપવાની દાનત નથી તે છતાં પાખંડીઓ ક્યાંક કશુંક સંતાડી બેઠી છે. એવું લાગ્યા કરે છે. સહેજ તડકો પડે છે ને એની કોમળ પાંખડીઓ એકાએક અગ્નિશિખા બની જાય છે. ઘડી પહેલા તો એનામાં પ્રથમ પ્રેમમાં પ્રગટ થઇ જવાથી કિશોરીના કપાલ પર જે સ્વાશ છવાઇ જાય છે. તે રતાશ હતી. હવે પવનમાં તેની પાંખડીઓ ફરફરે છે."

તેમનાં નિબંધોમાં બાળપણની ઉત્કટતા એક આગવી લાક્ષણિકતા બની રહે છે. જેમ કે "મારૂ બાળપણ જે ગામમાં વીત્યું તેનું નામ હું તમને નહિ કહું. મોંઘો ખજાનો કોઇને ખબર ન પડે એમ દાટીને સંતાડી રાખવો પડે." એમ કહીને એક આખી રહસ્યમય સૃષ્ટિ ઊભી કરે છે.

સુરેશ જોષીએ "કિંચિત" "કથોપકથન" "શ્રૃણવન્તુ" અરણ્યરુદન "નવોન્મેષ" "કાવ્યચર્ચા ગુજરાતી કવિતાનો આસ્વાદ" વગેરે વિવેચનગ્રંથો તેમજ "ફાલ્ગુની "વાણી "મનીપા" "ક્ષિતિજ "ઉહાપોહ" "સેતુ" એતદ્ વગેરે સામાયિકો દ્વારા પોતાની સર્જન પ્રવૃત્તિ કરી છે. સુરેશ જોષી સર્જક અને વિવેચક બન્નેને જુદા પણ નથી માનતા અને વિરોધી તરીકે પણ નથી સ્વીકારતા. તેમનું વિવેચન કૃતિઓની સર્જન પ્રક્રિયાથી ઉદ્ભવે છે.

સુરેશ જોષીએ જુદા- જુદા સામાયિકોમાં સંપાદનનું કાર્ય કર્યું હતું. જેમાં તેમણે સાહિત્યકલા સાથે ચિત્રકલા, નૃત્ય, ચલચિત્ર વગેરે કલાઓ માટે પોતાના સામાયિકમાં ચર્ચા કરે છે. અને તે રીતે તેમની સામાયિક પ્રવૃત્તિ તેમના સર્જનમાં મહત્વની બની રહી.

આ રીતે સુરેશ જોષીએ પોતાના સર્જન દ્વારા ગુજરાતી સાહિત્યમાં એક નવી આબોહવા લાવી ગુજરાતી સાહિત્યના પ્રથમ આધુનિક સર્જક બની રહે છે. સર્જન અને વિવેચક બંનેમાં તેમનાથી આધુનિકતા આવી છે.

ISBN-978-81-977089-3-0
Second Edition

સંદર્ભ ગ્રંથો :

૧. અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ - પ્રસાદ બ્રહ્મભટ્ટ

૨. આધુનિક નવલકથા સર્જકો - ખંડ-૧ સમચંદ્ર ડી. શુકલ (સુરેશ જોષી થી ઇવા ડેવ સુધીના)

૩. ગુજરાતના સાહિત્યકાર રત્નો - ડૉ. બહેચરભાઇ પટેલ

૪. આધુનિકતા અને ગુજરાતી કવિતા - ભોળાભાઇ પટેલ

૫. ગૃહપ્રવેશ - સુરેશ જોષી

૬. ગુજરાતી કથાવિશ્વ નવલકથા - બાબુ દાવલપુરા, નરેશ વેદ

૭. www.google.com

૮. અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા - ધીરુભાઇ ઠાકર

ISBN-978-81-977089-3-0
Second Edition

મહાભારતમાં મળતી ગીતાઓ

પ્રા. ધર્મેન્દ્રભાઈ કે. ચૌધરી

એસોસીએટ પ્રોફેસર, મનોવિજ્ઞાન વિભાગ,

મણીબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડી

પ્રા. મધુબેન. એસ. ઠાકોર

એસોસીએટ પ્રોફેસર, શા. શિ. વિભાગ,

મણીબેન એમ. પી.શાહમહિલા આર્ટ્સ કોલેજ, કડી.

પ્રસ્તાવના

શ્રીમદ ભગવદ્ગીતા આમ તો શ્રી મહાભારતના ભીષ્મપર્વનો ભાગ છે. મહાભારતમાં ગીતાનામવાળી ૪૧ ગીતાઓનો સમાવેશ થાય છે. પણ અન્ય ગીતાઓને મહત્વ કે આદર સાંપડયો નથી. ગીતા ગે ધાતુનું કર્મણિ ભૂતકૃદન્તરૂપ છે. તેનો અર્થ ગવાયેલી ગીતા કૃષ્ણના મુખે ગવાયેલી છે. શ્રીમદ ભગવદ્ગીતા - શ્રીમતા ભગવતા ગીતા એવો અર્થ થાય છે. એટલે કે શ્રીમાન ભગવાન કૃષ્ણે એનું ગાન કર્યુ છે.

ગીતા પૂર્ણપુરુષોત્તમ ભગવાન કૃષ્ણ દ્વારા રચિત છે. કોઇ સામાન્ય નથી.એ કૃષ્ણનું જીવનસંગીત છે. એમ ડૉ. ગુણવંત શાહ સાચું જ કહ્યુ છે. આ ગીતા માત્ર તત્વજ્ઞાનની નીરસ વાર્તા નથી. પણ લોકોનું દિલ ડોલાવે ને મુમુક્ષુઓને વશ કરે તેવો ચમત્કાર ગીતાજીમાં પડેલો છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા મહાભારતના ભીષ્મપર્વમાં જોવા મળે છે.આ ઉપરાંત મહાભારતના શાન્તિપર્વ, અશ્વમેધિકપર્વ તથા ઉદ્યોગપર્વમાં ગીતાઓ મળે છે. આમ મહાભારતના શાન્તિપર્વમાં ૧ થી ૩૫ ગીતાઓ જોવા મળે છે. જેમાં મોટાભાગની ગીતાઓ ભીષ્મ યુધિષ્ઠીરને કહી સંભળાવી છે. તથા અશ્વમેધિકપર્વમાં ૩૬ થી ૩૯ આ ચારેય ગીતા શ્રી કૃષ્ણે અર્જુનને કહી સંભળાવી છે. અને ઉદ્યોગ પર્વમાં ૪૦-૪૧ બે ગીતા છે જે વિદુરે તથા સનત્સુજાતે ધુતરાષ્ટ્રને કહી સંભળાવી છે.

આ ગીતાઓ મહદઅંશે ઇતિહાસ રૂપે હોવાથી અનેક વક્તાઓ અને અનેક શ્રોતાઓ વચ્ચેનો સંવાદ અહી રૂપાન્તરે મૂક્યો છે. આમ મહાભારતમાં મળતી ગીતાઓ આ મુજબ જોઇ શકાય છે.

: મહાભારતમાં મળતી ગીતાઓ :

-: शांन्तिपर्व :-

૧. અજગર ગીતા (અધ્યાય-૧૭૨)

૨. અશ્મ ગીતા (અધ્યાય-૨૮)

૩. અંગીરસ ગીતા (અધ્યાય-૬૯ શ્લોક૭૦-૭૧)

૪. ઉતથ્ય ગીતા (અધ્યાય ૯૧-૯૨)

૫. ઉશનસ ગીતા (અધ્યાય ૫૧ શ્લોક-૨૯-૩૧)

૬. સાથભ ગીતા (અધ્યાય ૧૨૫-૧૨૬)

૭. કપિલ ગીતા (અધ્યાય ૨૬૦-૨૬૨)

૮. કેકય ગીતા (અધ્યાય ૭૮ શ્લોક ૬-૩૧)

૯. ખડ્વ ગીતા (અધ્યાય ૧૬૦)

૧૦. જનક ગીતા (અધ્યાય ૧૭ શ્લોક ૧૭-૨૩)

૧૧. નારદ ગીતા (અધ્યાય ૩૧૬-૩૧૭)

૧૨. નારાયણ ગીતા (અધ્યાય ૬૨ શ્લોક ૧૩-૨૧)

૧૩. પરાશર ગીતા (અધ્યાય ૨૭૦-૨૮૭)

૧૪. પિંગલા ગીતા (અધ્યાય ૧૬૮ શ્લોક ૪૬-૫૩)

૧૫, બલિ ગીતા (અધ્યાય ૨૧૬-૨૧૮)

૧૬. બોધ્ય ગીતા (અધ્યાય ૧૭૧ મશ્લોક ૫૫-૬૧)

૧૭. બ્રહ્મ ગીતા (અધ્યાય ૧૩૪-૨૫૬)

૧૮ ભાર્ગવ ગીતા (અધ્યાય ૫૭ શ્લોક ૪૦-૪૫)

૧૯. ભૃગુ ગીતા (અધ્યાય ૧૭૫-૧૮૫)

૨૦. મનુ ગીતા (અધ્યાય ૫૬ શ્લોક ૨૩-૨૫)

૨૧. મંકિ ગીતા (અધ્યાય ૧૭૧ શ્લોક ૧-૫૪)

૨૨. માંડવ્ય ગીતા (અધ્યાય ૨૬૮)

૨૩. યજ્ઞ ગીતા (અધ્યાય ૬૦ શ્લોક ૪૬-૫૨)

૨૪. યયાતિ ગીતા (અધ્યાય ૩૧૩ શ્લોક૩૧-૫૧)

૨૫. ચારીવલ્કય ગીતા (અધ્યાય ૨૯૮-૩૦૬)

૨૬. વામદેવ ગીતા (અધ્યાય ૯૩-૯૫)

૨૭. વિચખ્ખુ ગીતા (અધ્યાય ૨૫૭)

૨૮. વૃત્ર ગીતા (અધ્યાય ૨૭૦-૨૭૧)

૨૯. વ્યાસ ગીતા (અધ્યાય ૩૦૯)

૩૦. શમ્યાક ગીતા (અધ્યાય ૧૭૦).

૩૧. શૃગાવ -ગીતા (અધ્યાય ૧૭૩)

૩૨. ષડ્જ ગીતા (અધ્યાય ૧૬૧)

૩૩. સેનજિત ગીતા (અધ્યાય-૨૬ શ્લોક૧૩- ૩૬,અધ્યા.૧૬૮)

૩૪. હંસ ગીતા (અધ્યાય ૨૮૮)

૩૫. હરિત ગીતા (અધ્યાય ૨૬૯)

ISBN-978-81-977089-3-0
Second Edition

-: આશ્વમેધિક પર્વ :-

૩૬. અનુગીતા (અધ્યાય ૧૬-૧૯૧)

૩૭. કામગીતા (અધ્યાય ૧૩ શ્લોક ૧૨-૨૧)

૩૮. ગુરૂશિષ્ય સંવાદ ગીતા (અધ્યાય ૩૫-૫૧)

૩૯. બ્રાહ્મણ ગીતા (અધ્યાય ૨૦-૩૪)

-: ઉધોગ પર્વ :-

૪૦. વિદૂર ગીતા (અધ્યાય ૩૩-૪૦)

૪૧. સનત-સુજાતીય ગીતા (અધ્યાય ૪૨-૪૫)

ISBN-978-81-977089-3-0
Second Edition

હિન્દનું બુલબુલ

હસમુખભાઈ એમ. સોલંકી
મુલાકાતી વ્યાખ્યાતા, સમાજશાસ્ત્ર વિભાગ,
મણીબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડી
અપેક્ષાબેન એન. પંડ્યા
મુલાકાતી વ્યાખ્યાતા, સમાજશાસ્ત્ર વિભાગ,
મણીબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડી

અગિયાર વર્ષની એક છોકરી બીજ ગણિતનો દાખલો ગણી રહી હતી. દાખલો વારંવાર ગણવા છતાં એનો જવાબ મળતો ન હતો. તેથી એ છોકરી ઊંડા વિચારોમાં પડી ગઈ હતી. વિચારોમાં બીજ ગણિતને બદલે એના મનમાં કાવ્યની પંક્તિઓ ઉપસવા લાગી. તેણે એ પંકિતઓ નોટબુકનાં પાનાં પર લખવા માંડી અને આ રીતે એક કાવ્ય રચાઈ ગયું.

તમે જાણો છો આ બાલકવવિત્રિ કોલ હતી? એ હતા સરોજિની નાયડું. આગળ જતા હિન્દુસ્તાના લોકો એમને 'ભારતનું બુલબુલ' તરીકે ઓળખતાં થયા.

સરોજિની નાયડુનો જન્મ ઈ.સ. ૧૮૭૯ ના ફેબ્રુઆરી માસની ૧૩ મી તારીખના રોજ હૈદરાબાદમાં થયો હતો. એમના પિતા ડોકટર અધોરનાથ ચટ્ટોપાધ્યાય નિઝામ રાજયના શિક્ષણ વિભાગમાં અધિકારી તરીકે સેવાઓ આપતા હતા. તેઓ વિદ્યાવ્યસની અને ઘણા વિષયોના વિદ્વાન હતા: સરોજિની નાયડુના માતા વરદસુંદરી પાર્મિકવૃત્તિવાળાં હતા. અને તેમને સાહિત્યમાં રુચિ હતી. તેમણે પોતાના યૌવનકાળમાં સુંદર ઊર્મિકાવ્યો લખ્યા હતા. સરોજિનીમાં માતા અને પિતા બંનેના ગુણોનો સુમેળ થયો હતો.

પિતા સરોજિની નાયડુને વૈજ્ઞાનિક ભનાવવા ઈચ્છતા હતા. માટે તેમણે પુત્રીના શિક્ષણની વ્યવસ્થા કરી હતી. અંગ્રેજી અને ફ્રેન્ચ ભણાવવા માટે ઘેર શિક્ષકો આવતા હતા. ઘરમાં એક નાનકડું પુસ્તકાલય બનાવ્યું હતું. અને અભ્યાસ માટે એક અલગ ખંડની વ્યવસ્થા કરી હતી. પરંતુ વિજ્ઞાન તરફ ખાસ રસ દાખવ્યો નહિ.. કાવ્યસર્જય તરફ તેમની અભિરૂચી પ્રમાણે પોતાનો વિકાસ સાથે એવું પિતા માનતા હોવાથી, સરોજિનીની કાવ્યસર્જનની પ્રવૃત્તિમાં આડખીલીરૂપ બનવાને બદલે પ્રોત્સાહન આપતા.

ફરત બાર વર્ષની નાની ઉંમરે સરોજિનીએ મદ્રાસ યુનિવર્સિટીમાંથી મેટ્રિકની પરીક્ષા પાસ કરી હતી. તેમણે અંગ્રેજી ભાષા અને સાહિત્ય પર અસાધારણ અધિકાર મેળવી લીધો. જન્મથી જ તેઓ કલ્પનાશીલ હતા. અને કવિતા પ્રત્યે અનુરાગ હતો. એટલે આખો દિવસ કાવ્ય સર્જનના વિચારો કર્યા કરતા. પરિણામે તેર વર્ષની ઉંમર થઈ ત્યાં તો તેમણે માત્ર છ જ દિવસોમાં તેરસો પંકિતઓનું એક લાંબુ કાવ્ય લખી નાખ્યું હતું.

કાવ્યસાપનાની પ્રવૃત્તિને લીધે તેઓ શરીર પ્રત્યે બેદરકાર રહેતા હતા. તેથી તેમનું સ્વાસ્થ્ય ખરાબ રહેવા લાગ્યુ. ડૉકટરોએ સંપૂર્ણ આરામ કરવાની સલાહ આપી. પરંતુ તેમનો કવિઆત્મા વ્યાકુળ રહ્યા કરતો. બીમારીની સ્થિતિમાં જ બે હજાર પંક્તિઓનું એક નાટક લખી નાખ્યું.

પિતાએ પુત્રીને પ્રોત્સાહન આપવા માટે નાટક છપાવીને એક નકલ હૈદરાબાદના નિઝામને ભેટ આપી. ચૌદવર્ષની છોકરીની તીક્ષણ બુદ્ધિપ્રતિભા જોઈ નિઝામ ખુશ થઈ ગયા અને તેમણે સરોજિનીને વિદેશ ઉચ્ચ અભ્યાસ કરવા માટે છાત્રવૃત્તિ આપી. સરોજિનીને પરદેશમાં જઈ ઉચ્ચ અભ્યાસ કરવાની તક મળી ગઈ.

એ જમાનો ખૂબ સંકુચિત વિચારોવાળો હતો. ભારતના લોકો અંધવિશ્વાસો અને ધાર્મિક ક્રિયાકાંડમાં ગળાડૂબ રહેતા હતા. સ્ત્રીઓએ પડદામાં રહેવું પડતું. એવા સમયે પિતાના પ્રોત્સાહનથી સરોજિનીએ પરદેશમાં જઈ અભ્યાસ કરવાનું અને રૂઢિભંગનું સાહસ કર્યું હતું.

અભ્યાસ પૂરો કરી ત્રણ વર્ષ બાદ સરોજિની ૧૮૯૮માં ભારત પાછા આવ્યા. થોડાજ સમયમાં તેમણે ડૉ. એમ. ગોવિંદ રાજૂલુ નાયડુ સાથે લગ્ન કર્યા. સરોજિની નાયડુના કાવ્યો સૌંદર્ય, માધુર્ય અને ભાવથી ભરેલાં છે. ગાંધીજીએ તેમને "ભારતનું બુલબુલ" ની ઉપમા આપી હતી. તેમના કાવ્યોના નામ છે: સુવર્ણ પ્રવેશદ્વાર',

કાળપંખી, ખઠિતપાંખ અને જીવન તથા મૃત્યુના કાવ્યો. સરોજિની નાયડુ ૧૯૧૪માં ગાંધીજીને પ્રથમ વાર મળ્યા. એ પછી એમના જીવનનો નવો વળાંક આવ્યો.. હવે તેઓ સમાજસેવા અને દેશસેવાની પ્રવૃત્તિમાં ઓતપ્રોત થઈ ગયા. ગાંધીજીને તેઓ પોતાના ગુરુ માનતા હતા. સરોજિની નાયડુનાં ઓજપૂર્ણ ભાષણો સાંભળીને નહેરુ અને સુભાષ જેવા અનેક નવયુવકો દેશભકિતમાં જોડાવા હતા.

ભારતીય સ્ત્રીઓના ઉત્કર્ષ માટે તેમણે પૂરતા પ્રયાસો કર્યા હતા. ઘૂંઘટપ્રથા, દહેજ, નિરક્ષરતા, ધાર્મિકબંધનો, કુરૂઢિઓ વગેરે વિરુધ્ધ જીવનભર લડતાં રહ્યા હતા. સ્ત્રીઓને સમાન અધિકાર, સમાનમતાધિકાર મળે તે માટે જીનીવામાં ભરાયેલી આંતરરાષ્ટ્રીય સ્ત્રી મતાધિકાર પરિષદમાં ગયા હતા. એ અંગે મહત્વપૂર્વ ભાષણ આપ્યું હતું.

લાંભા સંઘર્ષ પછી ૧૯૪૭ના ઑગષ્ટની ૧૫ મી એ ભારતને મુકિત મળી. સરોજિની નાયડુને ઉત્તર પ્રદેશના ગવર્નરપદે મૂકવામાં આવ્યા. એ જવાબદારી વહન કરતાં કરતાં ૧૯૪૯ના માર્ચની ૨ જી તારીખે તેમણે આ દુનિયાની વિદાય લીધી.

સરોજિની નાયડુએ પોતાના જીવનપથ દ્વારા સેવા, ત્યાગ, બલિદાનની ભાવનાનો જે દીવડો પેટાવ્યો હતો તે સદાય ભારતવાસીઓને પ્રકાશ આપતો રહેશે.

ISBN-978-81-977089-3-0
Second Edition

દત્તાત્રેયના ચોવીસ ગુરૂ

જીતેન્દ્રસિંહ ડી. વિહોલ
મુલાકાતી વ્યાખ્યાતા, ઇતિહાસ વિભાગ,
મણીબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડી
નરમીન એસ. પટેલ
મુલાકાતી વ્યાખ્યાતા, ઇતિહાસ વિભાગ,
મણીબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડી

મહાત્મા કપિલની બહેન અનસૂયાને દત્તાત્રેય કરીને એક પૂત્ર હતો દત્તાત્રેયનું મન નાનપણથી જ ઇશ્વર તરફ લાગેલુ હતું. નદી કિનારે, પહાડોમાં ને જંગલોમાં કરવાનું એમને બહુ ગમતું. એ બધે ફર્યા કરતા, ને જે જૂએ તે પર વિચાર કરતા. એક દિવસ દત્તાત્રેય મધપૂડો જુએ છે. મધમાખીઓ દુર દુર જઇને ફૂલોમાંથી મધ ચુસી લાવી

મધપૂડામાં ભરતી હતી. દત્તાત્રેય રોજ એ જોતાં, એવામાં એક દિવસ કોઇ ભીલે આવી મધપૂડો તોડી પાડયો. મધમાખીઓને ઘર છોડી ઊડી જવુ પડયુ. તેમનું ભેગું કરેલું બધુ મધ પેલો ભીલ લઇ ગયો. આ જોઇ દત્તાત્રેયે વિચાર કર્યો. કે ભેગા કરેલા ધનની આ દશા થાય છે. ભેગુ કરે કોઈ અને ભોગવે કોઇ. જેની પાસે હોય છે તે લૂટાઇ છે, માટે હું મારી પાસે કશું નહી રાખું. પછી તેમણે એ મધપૂડાની મધમાખીઓને કહ્યુ હૈ મધમાખીઓ તમે મને આજે સુંદર જ્ઞાન આપ્યુ છે. માટે હું તમને મારા ગુરૂ ગણું છું. અને તમારા ચરણમાં પ્રણામ કરૂ છું. દત્તાત્રેય ઘણીવાર નદી કિનારે ફરવા જતાં એક દિવસ તેમણે એક માછીમારને માછલા પકડતાં જોયો. માછીમાર એક લાકડીના છેડે આંકડામાં ગલ ભરાવતો ને પછી એ ગલ પાણીમાં નાખતો ખાવાની લાલચે માછલાં એ ગલ મોંમાં ઘાલતા ને આંકડાથી તેમનું તાળવું વિંધાઇ જતાં તેઓ પકડાઇ જતાં. આ જોઇ દત્તાત્રેયે વિચાર કર્યો. ખાવાની લાલચે આ માછલા એ જીવ ખોયો. જીભને વશ ન રાખવાથી આવું પરિણામ આવે છે. માટે જીભને કદી લાડ કરવા નહીં. પછી તેમણે એ પકડાયેલી માછલીને કહ્યું હે માછલી તે મને જ્ઞાન આપ્યુ માટે હું તમને મારા ગુરૂ ગણું છું. અને તમારા ચરણમાં પ્રણામ કરૂ છું. એક વખત તેમણે એક અજગરને પડેલો જોયો. ઘણીવાર તેમણે તે શું કરે છે. તેની તપાસ રાખી. પણ અજગર ખાવાનું મેળવવાની જરાય ચિંતા કરતો હોય એવું લાગ્યુ નહીં. તે જોઇ તે બોલ્યાં. મારે પણ આવા બેફિકર રહેવું જોઈએ. ખાવાનું મળ્યુ તો વાહ અને ન મળ્યુ તોય વાહ પછી તેમણે અજગરને કહ્યું હે અજગર હું તને મારા ગુરુ ગણું છું. અને તારા ચરણમાં પ્રણામ કરૂ છું. આવી રીતે દત્તાત્રેયે બધુ જ્ઞાન મેળવ્યુ હતું. ને તેઓ જ્ઞાની બન્યા હતાં. જ્ઞાનમાં મસ્ત બની તેઓ ગમે ત્યાં ફરતાં. મળ્યાનો એમને આનંદ નહોતો અને ન મળ્યાનો એમને ખેદ ન હોતો ગઇ કાલની, આજની કે આવતી કાલની એકે કાળની તેમને ચિંતા નહોતી. કોઈ બોલાવે તો વાહ ન બોલાવે તોયે વાહ.

ISBN-978-81-977089-3-0
Second Edition

આવા દત્તાત્રેયને જોઇ એક રાજાએ પૂછયુ. દુનિયામાં સૌને ચિંતા અને દુઃખ છે, તમને કેમ કશુ નથી ? લોકો કહે છે કે તમે કોઇને ગુરુ કર્યા નથી. તેથી આવા મસ્ત છો!

દત્તાત્રેયે કહ્યું. મારા ગુરુ એક નથી ચોવીસ છે.

योवीस गुरु..

રાજાને નવાઇ લાગી, તે વિચારમાં પડી ગયો. લોકો તો કહે છે કે દત્તાત્રેયે કોઇનેય ગુરુ કર્યા નથી. અને દત્તાત્રેયજી પોતે કહે છે કે મારે ચોવીસ ગુરુ છે. આ કેવી વાત. પછી દત્તાત્રેયે પોતાના એ ગુરૂઓના નામ ગણાવ્યા. સુરજ, ચંદ્ર, આકાશ, પૃથ્વી, પાણી, દેવતા, અજગર, માછલું, મધમાખી, પારધી, હોલો, પતંગિયુ, કરાળિયો, ભમરી, હરણ વગેરે પછી દત્તાત્રેયે આ દરેક ગુરૂ પાસેથી પોતાને શું શું જ્ઞાન મળ્યુ તે રાજાને કહી સંભળાવ્યુ

ISBN-978-81-977089-3-0
Second Edition

ગુજરાતી સાહિત્ય પર પાશ્ચાત્ય સાહિત્યનો પ્રભાવ

ડૉ. રતનબેન પી. સોલંકી
એસોસીએટ પ્રોફેસર, મનોવિજ્ઞાન વિભાગ,
મણીબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડી
સનોબર ઝેડ. શેખ
મુલાકાતી વ્યાખ્યાતા, અંગ્રેજી વિભાગ,
મણીબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડી

આધુનિક યુગનું સાહિત્ય તે છેલ્લા ચાર દાયકાના સાહિત્ય કરતા પોતાની એક અલગ છાપ ઉભી કરે છે. જેને આપણે આધુનિક સાહિત્ય તરીકે ઓળખીએ છીએ. તે સમયના સાહિત્ય ઉપર વૈશ્વિક સાહિત્યનો પ્રભાવ છે. ફ્રાન્સનાં કવિ બોદલેર, જર્મનીમાં કવિ રિલ્કે, સ્પેનમાં કવિ લૉર્કા અને ઇંગ્લેન્ડમાં ટી.એસ.એલિયટ ઉપરાંત આઇરીશ નવલકાયાકાર જેમ્સ જોયસની યુલિસિસ નવલકથામાં આધુનિકતાનો અવિર્ભાવ થયો. કલાકૃતિમાં સૌંદર્ય નિરૂપણ માટે પ્રતિકો પ્રયોજવાનું વલણ અપનાવ્યુ. અસંગત પ્રતિકો ને પણ વિશિષ્ટ સંદર્ભમાં કલાકૃતિમાં ગોઠવવાનો આગ્રહ કેળવાયો. એ પ્રતિકો ઇન્દ્રિય ગ્રહયતા ઉપરાંત ઇન્દ્રિય વ્યત્વય (કાનનું કામ નાક કરે ત્યારે ઇન્દ્રિય વ્યત્વય થઇ કહેવાય સુવાસને સૂંધી નહી પણ સાંભળી) અસરકારક બનાવવા માટે ઇન્દ્રિય વ્યત્વયનો ઉપયોગ થાય છે. દ્વારા વધુ અસરકારક અભિવ્યક્તિને સાધી શકે છે તેવા સભાન પ્રયત્નો થયાં.

ભાષાકર્મ એ જ કવિ કર્મ એમ ગણવાનું વલણ એ આધુનિક સાહિત્યનું બીજું મહત્વનું લક્ષણ છે. વળી ફ્રોઇડના માનવીના મન સબંધી વિચારોએ ઊંડી ચહલ-પહલ જન્માવી હતી. મનુષ્યની ચેતન અચેતન તેમજ અર્ધચેતન મનઃસ્થિતિની સમજ મનોવિશ્લેષણ મારફતે કેળવાવા લાગી અને એ જ રીતે પરાવાસ્તવવાદનુ(વાસ્તવિકતાથી ઉપર) નિરૂપણ થવા લાગ્યું. યંત્ર સંસ્કૃતિ, નગરજીવનનું વગેરેને કારણે વ્યક્તિના છિન્ન-વિછિન્ન થતાં જતાં અને અસ્તિત્વની સમસ્યા ઊભી થઇ. એમાંથી દર્શનશાસ્ત્રની વિચારધારાઓ સાહિત્ય સર્જન વેળા સર્જકને પરોક્ષ કે પ્રત્યક્ષ રૂપે પ્રભાવિત કરતી રહી. વ્યક્તિના અંગત અનુભવો, નિર્ણયો સ્વાત્ર્યતાના સંદર્ભમાં પ્રગટતી નિરાશા અને વ્યર્થતા ઉપરાંત બીજુ વિશ્વયુધ્ધ અને તેના પરિણામોએ પણ સાહિત્ય પર અસર કરી. યંત્રવિજ્ઞાન,મનોવિજ્ઞાન,જીવવિજ્ઞાન વગેરે ક્ષેત્રની અવનવી શોધોએ પણ જન્માવેલી નિસહાયતાની વેદના માનવીને અકળાવનારી બની, ઇશ્વરના અસ્તિત્વનો નિત્શેએ ઇન્કાર જાહેર કર્યો.

ત્યાર બાદ ધર્મ કે ઇશ્વરમાં શ્રધ્ધાની જે આધારશીલતા માનવી પાસે હતી. તે ખસી ગઇ. તેને કારણે કરૂણતા (ટ્રેઝેડી) સાહિત્યમાં નિરૂપણનો વિષય બની. વેદનાશીલ માનવીનુ જીવન આધુનિક સાહિત્યમાં સર્જનનો વિષય બન્યુ અને તેમાં ભાષાકર્મ મહત્વનું બન્યુ. સર્જકે શબ્દ પાસેથી અગાઉ ક્યારેય

ન લેવાયુ હોય તેટલું કામ લીધુ ભાષાકર્મ એજ કવિકર્મ ગણાવ્યું. આધુનિક સાહિત્યની આ વિભાવનાઓ ગુજરાતી સાહિત્યમાં ૨૦મી સદીના ૫ દાયકામાં પછી થોડી અને ૭ મા દાયકાથી સ્પષ્ટ રીતે પ્રતિબિંબિત થતી જોઇ શકાય છે.

અનુઆધુનિક યુગનું સાહિત્ય અને છેલ્લા લગભગ ૩ દાયકાનું (૧૯૬૧) સાહિત્ય આધુનિક ગુજરાતી સાહિત્ય તરીકે ઓળખાય છે.

નગરકવિતા, અભિવ્યક્તિના નવા અવતારો અને માનવ સહાયના આપણા નવીન સાહિત્યના વિશેષો છે. અસ્તિ (છે) નાસ્તિ (નથી) વચ્ચે શબ્દયુધ્ધ ચાલે છે. કેવળ શબ્દોને કસવાની અને સર્જક ક્રિમને જાહ, લાભશંકર ઠાકરી અવૃત્તિ અનુગાંધીયુગની એક મોટી વિશેષતા છે. નિરંજન ભગત, રાજેન્દ્ર શાહ લણભા કાઈક અને રમેશ પારેખ તથા અન્ય કવિઓ આધુનિક સાહિત્ય સૃષ્ટીને જાણવા અને માણવાથે ચરિત્રે અસ્તિત્વવાદ અને એબ્સર્ડની અસર અનુગાંધીયુગની એક વિશેષતા છે. નિબંધની સાથે ચરિત્ર સાહિત્યના શ્રીગણેશ પણ નર્મદે જ કર્યા છે. "મારી હકીકત "લખીને નર્મદ લેખકોને આત્મચરિત્રનો સત્ય પર જ આધાર રાખતાં આત્મચરિત્રનો નમુનો રજુ કર્યો છે. નર્મદની કવિતા પર પાશ્વાત્ય કવિ હેઝલીટનો પ્રભાવ વર્તાય છે. ઉપદેશ પ્રધાન સાહિત્ય રચનાને બદલે નર્મદ ભાવપ્રધાન રચના તરફ વળે છે.

નર્મદ બાદ નવલરામ પશ્ચિમની રોમેન્ટિક સ્ટાઇલ માટે "મોહનશૈલી" એવું નામાભિધાન કરે છે. એને ફ્રેન્ચ કવિ મોલિયરના "Mockdoctor" નું "ભટ્ટનું ભોપાળું" નામે નાટ્યરૂપાંતર કરે છે. પશ્ચિમની અસરનું આ એક સબળ ઉદાહરણ છે.

નંદશંકર મહેતાએ રસેલ નામના અંગ્રેજ અમલદારના સૂચનથી "કરણઘેલા"ની રચના કરી જે આપણા ગુજરાતી સાહિત્યની પ્રથમ ઐતિહાસિક નવલકથા બને છે.

કવિ જમશેદજી પીતત પાસેથી ૧૮૯૨માં "મારી મજેહ" અને બીજી કવિતાઓ પ્રગટ થાય છે. આ કવિતાઓ પારસી બોલીમાં લખાયેલી છે. કવિનો પ્રયત્ન યશસ્વી છે.

વિદ્યા અને વ્યાપક વિશ્વ સાથે સૌહાર્દ કેળવવાની મહામૂલી તક પંડિતયુગની પેટીએ દાખવી છે. પંડિતયુગના સર્જકોએ યુનિવર્સિટીની કેળવણી પશ્ચિમનું તત્વચિંતન અને સાહિત્યના સંપર્કથી તેમની પાસેથી વિવિધ સાહિત્ય સ્વરૂપો મળી આવે છે. નરસિંહરાવ દિવેટીયાએ પાલગ્રેવની ગોલ્ડન ટ્રેઝેડીની પ્રસ્તાવનામાં રજુ થયેલા ઊર્મિકાવ્યના લક્ષણોને આધારે ટૂંકા ઊર્મિકાવ્યોનો સંગ્રહ "કુસૂમમાળા" આપે છે. રમણભાઈ નીલકંઠ નરસિંહરાવની ઊર્મિકવિતાને અનન્ય સિધ્ધી ગણાવે છે. મણીભાઇ દ્વિવેદી કવિતામાં પશ્ચિમની અસર તળે કેટલાક કાવ્યો આપે છે. નરસિંહરાવ અને રમણભાઈ નીલકંઠ રસ અને આનંદની વિભાવનાને સુપેરે વ્યક્ત કરે છે. નરસિંહરાવ કવિતાના મહાન અવાજ વિશે પૂરેપૂરા સભાન પંડિતયુગના સર્જકોએ મોટેભાગે ઊર્મિ કવિતાઓનું જ સર્જન કર્યુ છે. અંગ્રેજી સાહિત્યની ઉર્મિ કવિતાને અપનાવતી વખતે ગુજરાતી કવિતા વિષય અને શૈલીનું અનુસરણ કરી શકે પરંતુ લય અને અભિવ્યક્તિની સાધના સર્જકોએ

ISBN-978-81-977089-3-0
Second Edition

પોતે જ કરવાની હતી. આ સંદર્ભમાં કવિ કાન્તે ખંડકાવ્યમાં ગ્રીક જેવું શિલ્પવિધાન કરીને પરમ કલાસિધ્ધી મેળવી છે.

કવિશ્રી ન્હાનાલાલ પ્રકૃતિ અને પ્રેમની કવિતા રચે છે. દલપતરામે રચેલું "ફાર્બસ વિરહ" નરસિંહરાવે રચેલું "સ્મરણસંહિતા" અને કવિ ન્હાનાલાલ "પિતૃતર્પણ" આ ત્રણેય કરુણ કાવ્યો છે. છતાં ત્રણેયનું રૂપનિર્માણ સ્વતંત્ર છે. આ બધામાં કવિ ન્હાનાલાલનું કવિકર્મ માત્ર સુંદર જ નહી પરંતુ ભવ્ય બની રહે છે. નરસિંહરાવ પાસેથી પ્રેમળજ્યોતિ કાવ્યો અંગ્રેજી કવિ ન્યૂમેનના કાવ્યોનો અનુવાદ છે. બળવંતરાય ઠાકરે પ્રવાહી છંદનું અને વિચાર પ્રધાનતાનું દિશાદર્શન કરાવ્યુ છે. સોનેટ કવિતાની કલમ બ.ક.ઠાકરે એટલી સરસ રીતે રોપી કે ત્યાર બાદ શેષ, સુંદરમ્, ઉમાશંકર જોષી, નિરંજન ભગત જેવા અનેક કવિઓએ સોનેટ કવિતા પ્રવાહને સૂચારુ રીતે આગળ ધપાવ્યો.

અંગ્રેજી કવિ ટેનિસન અને કાલિદાસને પૂજનાર ન્હાનાલાલ કવિના નાટકોમાં આવતી સ્વગતોક્તિઓ પર શેક્સપિયરનો પ્રભાવ વર્તાય છે. ગોવર્ધનરામની મહાનવલકથા "સરસ્વતીચંદ્ર" સંસ્કૃતી કથા છે. તેમાં નિરૂપાયેલા રાજ્ય, કૂટુંબ પ્રેમલગ્ન અને સંસારનું સત્યરૂપ પશ્ચિમની વિચારસરણી સાથે સામ્ય ધરાવે છે.

ગાંધીયુગ અને અનુગાંધીયુગમાં સ્વરાષ્ટ્રીય સભાનતા સાથે માનવહિતનો સુમેળ કરવાની સાધના ચાલે છે. ગાંધીજીએ નમ્રતાપૂર્વક આત્મકથાનું સ્વરૂપ ખેડયું મુનભી ડુમાની અસર હેઠળ સ્વરૂપ શૌર્યભરી નવલકથાઓ આપે છે. ઉમાશંકર જોષી, સુંદરમ્, સ્નેહરશ્મિ, મનસુખલાલ ઝવેરી ગાંધીવાદની સાથે માનવવાદને સાંકળે છે.

ઇ.સ.૧૯૫૬માં "છિન્ન ભિન્ન છું." "કયાં છે. કવિતા?" જેવી રચનામાં ઉમાશંકરે પશ્ચિમની પલટાયેલી ભાવનાને શબ્દસ્થ કરી છે. આધુનિક કવિતા અને તેનું સંવેદન ઉમાશંકર જોષીના આ કાવ્યથી શરૂ થયું. (છિન્ન-ભિન્ન) મનુષ્યના આંતર જગતની વિટંબનાઓ તેની વિષમતા વગેરેને નિરૂપવાનું શરૂ થયું. કવિતા સામાજિક મટી આંતરિક મૂલ્યોના મહિમાની કથા કહેવા લાગી,

આધુનિક કવિતા :- ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાનો પ્રવેશ કવિતા દ્વારા થયો. મહાનગરની નવી ઔધોગિક સંસ્કૃતિનો સંદર્ભ કવિ નિરંજન ભગતે "પ્રવાલદ્રીપ" ના કાવ્યો દ્વારા તીવ્રપણે અંકિત કર્યો છે. "છિન્ન ભિન્ન છું" માં ઉમાશંકર જોશી કહે છે. પ્રકૃતિ, તું શું કરે ?

મારી પ્રકૃતિની જ જ્યાં રામાયણ છે.

માની લીધેલી એકતા વ્યક્તિત્વની સતખંડ તૃપ્તિ મેં નજરો નજર દેખી લીધી છે. ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાના અગ્રણી બની રહેલા સુરેશ જોષી પણ આધુનિક માનવીની વેદનાને પુરાકલ્પનોની મદદથી પ્રગટ કરવા મથામણ કરી છે. "મારા જ તીણા અસ્થિની આ બાણશૈયાની ઉપર હું સૂતો છું ભસ્મ સાથે રે સદાયે, દ્રોણસુતની સાથે હું એ જુગે જુગે ભમતો ફરું દુઝતા વ્રણની ચિરંજીવતા સદા વેઠયા કરું."

નગરજીવનની ભીંસમાં માણસ પોતાની ઓળખ ખોઈ બેઠો છે એની વાત કવિ પ્રિયકાન્ત મણિયારે એ રીતે મૂકી છે.

કો શબ્દના અક્ષર સમા સહુ આપણે કેવા નિકટ ! અર્થકિન્તુ એક ના એનો દૂર થતો ! મારા તમારામાં કશોય ભેદ ના, કોક છાપાની હજારો પ્રત સમા સા આપણે સાતમા આઠમા દાયકા દરમિયાન પ્રગટ થયેલી આનુભિક કવિતામાં youહામ. આનાવિડબખા, વ્યઈતા, વ્યક્તિલાનું વિભાજિતp઼ હતાળા, નિરાશા વગેરે સંવેદના સાદ્રપળે પ્રગટ થાય છે. અને તેમાં વિદ્રોહનો સૂર અષ્ટ રીતે સુરેશ જોષીની કવિતામાં સંભળાય છે.

વિહોહનો સૂર પ્રગટ કરનાર કવિઓમાં લાભશંકર ઠાકર, શ્રીકાંન્ત શાહ, ચીનુ મોદી, ગુલાબ મહમંદ લેખ, શુભાષ શાહ, ભરત ઠક્કર, આદિલ મનસુરી, મનહર મોટી, વગેરેએ "બ" સાબિક કર્યું અને એ " જ" સામાયિકમાંથી " એક" ની સ્થાપના થઈ અને ત્યાં વિદ્રોહના સુરના અવળવા પ્રયોગો શરૂ થયા.

ગુલામ મહમંદ પીખ તેમના "અથવા" કાવ્યસંગ્રહમાં અનુભૂતિ તેમજ અભિવ્યક્તિની દષ્ટિએ આધુનિકતાનો સપન્ન કરાવે છે. "કળવાન" "you" "અંધકાર" "હવેલિ" જેવા કાવ્યો નોંધપાત્ર બન્યા છે. રંગ અને શબ્દનો સમન્વય કેવો સાક્ષાત્કારક બને છે તે નીચેની પંક્તિઓમાં જોઈ શકાય છે. "બાવળના કાળા થડિયે પડેલી વિરાડોમાં આરામથી સૂતેલ, રાતી કીડીઓ પર, નવા ફૂટેલ પાનની લીલાશ વરસી રહી છે". લાભશંકર ઠાકર પાસેથી "વહી જતી પાછળ રમ્ય ઘોષા" કાવ્યસંગ્રહ મળે છે. તેમાં "ચાંદરણ." તડકો" જેવા કાવ્યો ભાષા, છંદ, વય, પ્રતીકની પ્રયોગશીલતાને વ્યક્ત કરે છે.

"રાવજી પટેલની કવિતા એટલે આધુનિકતાનો કોઈ અબિનીવેશ નહી અને છતાં સહજ રીતે જેનું ભાવ સંવેદન આધુનિક રૂપ ધારણ કરે છે. તેવી તેમની કવિતા "અંગત" કાવ્યસંગ્રહમાં તીવ્ર સંવેદન શબ્દગત સઘન અનુભવ જોવા મળે છે. કવિ કહે છે કે

"સદા ઘરથી છેટો રહ્યો થાય જેવો

છતાં આંખથી ના અલગ થાય સેઢો".

રાવજી પટેલની કવિતામાં નગરમાં આવી પડવાથી છિનવાઈ ગયેલો ગ્રામીણ અસબાબ ક્ષયરોગની અસર, નિષ્ક્રિયતા અને નિકટ આવતા મૃત્યુનું વૈયક્તિક સંવેદન તેમના રાર્જનમાં ડોકાય છે. પ્રકૃતિ, પ્રણય, જીવન,મૃત્યુ, સાંપ્રત સ્થિતિ વગેરે તેમની કવિતાના વિષયો રહ્યા છે. "મારી खांजे .." ઢોલીય. "હું જીવન છું" "ઠાગા હૈયા" વગેરે "અંગત"ના નોંધપાત્ર કાવ્યો છે. મણીલાલ દેસાઈ પાસેથી "રાનેરી" કાવ્યસંગ્રહ મળે છે. તેમાં ગીત, સોનેટ,અછાંદસ, રચનાઓ,ગઝલ,લધુકાવ્યો જેવી કવિતાઓ મળી આવે છે. ચંદ્રકાન્ત શેઠ પાસેથી "પવનરૂપેરી" "ઉઘડતી દીવાલો", "પડઘાની પેલે પાર" "ગગમ ખોલતી બારી, જેવા કાવ્યસંગ્રહોમાં વિષય ભાષા, છંદ, લય, અર્થ, કલ્પન અને અભિવ્યક્તિની બધી રીતે આધુનિકતાની મુદ્રા

વિકસે છે. વિચ્છિન્નતા વિસંવાદિતા,કૃતકતા વગેરે સંવેદનો તેમની કવિતામાં આલેખાયા છે. "ઉઘડતી દિવાલીમાં" "એક હું" "મઠલી હું" જેવા કાવ્યો મળે છે.

સિતાનું યશચંદ્ર મહેતાએ પરાવાસ્તવવાદ અનુભૂતિને વ્યક્ત કરતી કવિતાઓ આપી છે.સિતાંશુ યશચંદ્રની એક કવિતાના શબ્દો

*ખરી પછાડી પૂચ્છ ઉછાળી દોડયા, કાળા ડમ્મર ધીડા દોળે ખળકાળે રથ જોડયા.

કાવ્યનું શીષક છે "મૃત્યુ એક સરરિયલનો અનુભવ મૃત્યુના આગમનની અનૂભુતિ અને તેનું સંકુલ દર્શન અને એ અનુભુતિને પામવાનો ભાષાનો ચોક્કસ પ્રપંચ વર્ણવાયો છે. તેમના વિશેષોમાં શબ્દોનું પંક્તિઓનું અને કાવ્યખંડનનું પુનરાવર્તન, તોડફોડ દ્વારા નવું શબ્દ સર્જન,ક્રિયાપદ, વિશેષણ,સર્વનામો વગેરેની હારમાળા "મનુ" "યમ", અને "જળ" એક સરરિયલ પુરાણ કથા "મોએ-જો દડો" એક સરરિયલ સફર, "જટાયુ વગેરે તેમના આ પ્રકારે ભાષાની પ્રયોગશીલતા દર્શાવતા નોંધપાત્ર કાવ્યો છે.

રમેશ પારેખ પાસેથી "છ અક્ષરનું નામ" સંગ્રહ મળે છે. તેમણે છાંદસ, છાંદસ, ગીત, ગઝલ વગેરે સ્વરૂપો ખેળ્યા છે. "ગોરમાને પાંચે આંગળીએ." "તમને ફૂલ દીધાનું યાદ" "કોઇ મને ચુટી તો ખણ.."જેવા કાવ્યોમાં અરૂટ શીર્ષકો, તાજગી અને ચમત્કૃતિ અનુભવાય છે. લોકજીવનમાં વહેમ,માન્યતાઓ લોકકલાનો, લોકબોલી અને લોકગીતોનો ઢાળ એ બધુ રમેશ પારેખના ગીતોમાં એક આગવો પરિવેશ ખડો કરે છે.
અનિલ જોશીના કાવ્યોમાં શબ્દની પસંદગી અને લયનું સંયોજન છે.

"અમે બરફના પંખી રે ભાઇ, ટહૂકે ટહૂકે પીગળ્યા" "સમી સાંજનો ઢોલ ઢબુકતો જાન ઉઘલતી મ્હાલે કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઇને ચાલે."

'કદાચ' કાવ્ય સંગ્રહના 'સવાર' 'સાંજ' 'બરફના પંખી' 'ખાલી શંકુતલાની આંગળી' જેવા ગીતો તો 'ગેસ ચેમ્બર' જેવી દીર્ઘ અછાંદસ રચના પણ મળી આવે છે.

આદિલ મનસુરી, ચીનું મોદી, રાજેન્દ્ર શુકલ પાસેથી આધુનિક ગઝલનું સ્વરૂપ મળી આવે છે. કથન રીતિ,ભાષા,લય, કલ્પન પ્રતિક, સંવેદન બધી બાબતમાં આધુનિક ગઝલ જુદી પડે છે. ભાષામાં ફારસી ઉર્દૂને બદલે તળપદી ભાષા વપરાય છે. આદિલ મનસુરી પાસેથી 'પગરવ' અને 'સતત' એમ બે કાવ્યસંગ્રહો મળે છે.

"ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો, પછી આ માટીની ભીની અસર મળે ન મળે."

ચીનું મોદી પાસેથી "વતાયન" "ક્ષણોના મહેલમાં " "શાપીત વનમાં," "ઇર્શાદ ગઢ" જેવા સંગ્રહો મળે છે. રાજેન્દ્ર શુકલની ગઝલોમાં આધુનિક ગુજરાતી ગઝલના પૂર્ણ કાલાઘાટની અનુભુતિ થાય છે. તેમની પાસેથી "સ્વવાયકની શોધ" "અંતરગાંધાર" જેવા કાવ્ય સંગ્રહો મળે છે. "આ જિંદગીની ચાર ક્ષણનું ગીત તો પુરુ થયું, મૂજ શૂન્યતા ગાતી રહી તુજ માન સાંભળતુ રહ્યું." આ ઉપરાંત માધવ રામાનુજ, મનોજ ખંડેરિયા પાસેથી સાતમા દાયકાના અંત ભાગમાં પ્રયોગશીલ ગઝલો મળી આવે છે.

આધુનિક નવલિકા :- વીસમી સદીના પ્રારંભે એટલે કે ૧૯૧૯ પછી ટૂંકી વાર્તાનું સાહિત્ય સ્વરૂપ ગુજરાતી સાહિત્યમાં પ્રગટયું. ૧૯૫૭માં સુરેશ જોષીનો "ગૃહપ્રદેશ" વાર્તાસંગ્રહ પ્રગટ થયો. એ વાર્તાસંગ્રહની સાથે ટૂંકીવાર્તા વિશેની નવી વિભાવના સાહિત્યમાં પ્રવેશી. આધુનિક ટૂંકીવાર્તાના લક્ષણોમાં સ્થૂળ ઘટના બને તેટલી ઓછી અથવા ઘટનાને પ્રતિકરૂપે પ્રગટ કરવી. વાસ્તવિકતાના નામે કપોલ કલ્પિતની પ્રતિષ્ઠા,આંતરચેતના પ્રવાહનું આલેખન ભાષાના માધ્યમ દ્વારા વાસ્તવિકતાનું કલામાં રૂપાંતર વગેરે સુરેશ જોષી પાસેથી "ગૃહપ્રવેશ", "બીજી થોડીક" "નતંત્ર સૂર્યાભાર્તી" આ વાર્તાઓમાં માનવ મનની ગતિવિધિ દર્શાવી છે. ચંદ્રકાન્ત બક્ષી, રાધેશ્યામ શર્મા, રઘુવીર ચૌધરી, મધુરાય, સરોજ પાઠક વગેરે પાસેથી પણ આધુનિક નવલિકા મળે છે.

કિશોર જાદવ પ્રયોગશીલ વાર્તાકાર છે. તેમની પાસેથી 'પોલાણના પંખી', 'મહાપ્રસ્થાન' જેવી વાર્તાઓ મળે છે. રઘુવીર ચૌધરીની 'મુશ્કેલ' 'તમ્મર' 'સાંકળ' વગેરે વાર્તાઓ વિવિધ ટેકનિકૃના લીધે પ્રયોગશીલ બની છે. પિનાકીન દવે પાસેથી 'અકસ્માત' 'માણસ' 'કુતરાને ચૂંટણી' જેવી નવલિકાઓ ઘનશ્યામ દેસાઈ પાસેથી 'ટોળું' 'કાગડો' જેવી વાર્તાઓ ભગવતીકુમાર શર્મા પાસેથી 'ઘડ' 'હું કયા?' ઇવાડેવ પાસેથી 'આંગતુક,' 'ગૃહત્યાગ' સરોજ પાઠક પાસેથી "ન કૌંસમાં ન કૌંસ બહાર" "સ્વયંવર" જેવી વાર્તાઓ નવી નવલિકાનું નવુ રૂપ પ્રગટ કરવા મથામણ કરે છે.

આધુનિક નવલકથા :- પહેલી ગુજરાતી નવલકથા ૧૮૬૮માં પ્રગટ થઇ. ત્યારથી શરૂ કરીને ૧૯૬૩માં ચંદ્રકાન્ત બક્ષીની 'આકાર' અને ૧૯૬૫માં રઘુવીર ચાધરીની "અમૃતા" સુરેશ જોષીની "છિન્નપત્ર" નવલકથા પ્રકાશિત થઇ.આ નવલકથાઓમાં કલાસ્વરૂપ તરીકે નવી નવલકથાના કેટલાક લક્ષણો અંકિત થઈ જાય છે.તેમાં સ્થૂળ ઘટનાનો હ્રાસ સૂક્ષ્મ ઘટના દ્વારા પાત્રોના ચિત્રોમાં ચાલતા સંકુલ વ્યાપારનું નિરૂપણ અનિવાર્ય બને છે. નવલકથામાં મનોવૈજ્ઞાનિક અભિગમ ઉમેરાય છે. ભાષાની વ્યંજના શક્તિ એવી પ્રતિકાત્મકતા ઉપરાંત પરાવાસ્તવની સૃષ્ટિ, દીવાસ્વપ્નો આશ્રય લેવામાં આવે છે. સંવાદો વધારે ધારદાર બને છે. નગર સંસ્કૃતિનો પ્રભાવ, યંત્ર વિજ્ઞાનની સંસ્કૃતિ પર અસર, મૂલ્ય હાસ, વ્યર્થતા, હતાશા, રિકતતાની માનવીય વેદના વગેરે દ્વારા તૂટતી જતી સંસ્કૃતિ અને વિટળાતી જતી નવી સભ્યતાનું આલેખન નવી નવલકથામાં કરવામાં આવે છે.

ચંદ્રકાન્ત બક્ષીની "પેરેલિસિસ" (૧૯૬૭) નવલકથા પ્રગટ થાય છે. લેખકે બાહ્ય ઘટનાઓની સ્થૂળતા નિવારીને આલેખનની સુક્ષ્મતા તથા ભાષાની અભિવ્યક્તિ ક્ષમતા સાધવાનો ઉપક્રમ દાખવ્યો રઘુવીર ચાધરીની "અમૃતા" (૧૯૬૫) નવલકથામાં આધુનિક સંવેદનાનું નિરૂપણ અસરકારક રીતે કર્યું છે. મધુ રાયની નવલકથા "ચહેરા"માં પણ આધુનિકતાના લક્ષણો જોવા મળે છે. શ્રીકાંત શાહ પાસેથી ‘અસ્તિ' (૧૯૬૬) નવલકથા ઘટનાવિહિન કથાતત્વનો પ્રયોગ કરતી નવલકથા બને છે. મુકુન્દ પરીખ પાસેથી "મહાભિનિષ્ક્રમણ” (૧૯૬૭) નવલકથામાં તેનું ગદ્ય કવિતાના સીમાડા સુધી પહોંચાડી અઆધુનિક યુગના પ્રતિકો નિરૂપીને સર્જકે આધુનિકતાની દિશામાં એક ડગલું આગળ માંડયું છે.

ISBN-978-81-977089-3-0
Second Edition

રાધેશ્યામ શર્માની "ફેરો" (૧૯૬૯) ફક્ત ૬૪ પાનાની એક પ્રયોગશીલ લઘુનવલ છે. આ નવલકથામાં આલેખાયેલા પાત્રની ગુંગળામણ એ આધુનિક માનવીની ગુંગળામણ છે. કિશોર જાદવની “નિશાચક્ર" (૧૯૬૯) આઠમા દાયકાની એક સર રિયલ લઘુનવલ છે. સરોજ પાઠકની "નાઇટમેર "નવલકથા (૧૯૬૯) એક મનોવૈજ્ઞાનિક તંતુથી જોડાઇને રજુ થતી સામાજિક નવલકથા છે. જ્યોતિષ જાની પાસેથી "ચાખડીએ ચડીને ચાલ્યા હસમુખલાલ" એક લાક્ષણિક ચરિત્રચિત્રણને કારણે એક નોંધપાત્ર રચના બને છે. રાવજી પટેલની 'અશ્રુઘર' (૧૯૬૬) ’ઝંઝા' (૧૯૬૭) એ બે લઘુનવલમાં નિરૂપાયેલ ભાવવિશ્વ વાર્તાનાયકના સંવેદનને પ્રતિક અને કલ્પનોથી વ્યક્ત કરે છે. મોહનલાલ પટેલની ‘અંતિમદીપ' (૧૯૬૦) દિગીશ મહેતાની 'આપણો ઘડીક સંગ' ભગવતીકુમાર શર્માની 'સમયદીપ' અને "ઉર્ધ્વમૂલ" નવલકથાઓ નોંધપાત્ર નીવડી છે.

એબ્સર્ડ નાટક :- ગુજરાતી એકાંકી ક્ષેત્રે ૧૯૬૫ની આસપાસ નવું જ નાટક સ્વરૂપ રચાયું. જે વિસંગતિનું નાટક અથવા એબ્સર્ડ નાટક તરીકે જાણીતું થયુ છે. અસ્તિત્વવાદના અધિપ્રવર્તક, સોરેન, કિર્કેગાર્ડ, "એબ્સર્ડ "સંજ્ઞા સૌ પ્રથમ પ્રયોજી જીવનનું ખાલીપણું વિસંગતિપૂર્ણ વિષમતા, જગતની વિચ્છેદ, વિચ્છિન્નતા, જીવન મૂલ્યોની પોકળતા અને વ્યર્થતા વગેરે કાવ્યો અને કથા સાહિત્યમાં પ્રવેશ્યા તે જ રીતે સાર્બ અને કામૂ મારફતે હવે નાટક સ્વરૂપમાં પણ પ્રવેશ્યા.

એબ્સર્ડ નાટકમાં આધુનિક માનવીના તેમજ સમાજ જીવનમાં પ્રવર્તતી અર્થશૂન્યતાની વેદના પ્રગટ થાય છે. આધુનિક માનવીનું જીવન અનેક વિસંગતતાઓથી ભરેલું છે. તેની વ્યક્તિગત સંવેદના હતાશા, વિષાદ,ખાલીપો (રિક્તતા) એબ્સર્ડ નાટકમાં અનુભવાય છે. ૧૯૫૨માં સેમ્યુઅલ બેકેટનું 'વેઇટીંગ ફોર ગોદો' (ઇશ્વરની પ્રતિક્ષામાં) નામનું ફ્રેન્ચ ભાષામાં

લખાયેલું નાટક એબ્સર્ડ શૈલીનું નાટક ગણાયું છે. આ નાટકમાં આધુનિક માનવી કશાકની પ્રતિક્ષા કરતો અર્થહીન જીવન જીવે છે. અસ્તિત્વનો અન્ય કોઇ વિકલ્પ નથી. માટે તે જીવે છે. ગુજરાતીમાં સા પ્રથમ ૧૯૬૬માં લાભશંકર ઠાકર અને સુભાષ શાહે 'વેઇટીંગ ફોર ગોદો' ઉપરથી "એક ઉંદર અને જદુનાથ'નામે એબ્સર્ડ શૈલીનું ત્રિઅંકી નાટક પ્રકાશિત કર્યું. મધુ રાય 'ઝેરવું' (૧૯૬૬) લાભશંકર 'બાથટબમાં માછલી' (૧૯૮૨) આદિલ મનસુરી પેન્સિલની કબર અને મીણબત્તી' ચીનું મોદી 'હુકમ માલિક' (૧૯૭૮) સુભાષ શાહ "બહારના પોલાણ" રમેશ શાહ "રૂમનો ટી.બી. પેશન્ટ" સતીષ વ્યાસ 'પાર્કીંગ' (૧૯૮૪) વગેરે લેખકોએ પ્રયોગશીલ નાટકો લખ્યાં. મધુ રાય પાસેથી "અશ્વત્થામાં" "કુમારની અગાશી" જેવા નાટકો મળ્યા.

આમ ગુજરાતી સાહિત્યના સતત વહેલા પ્રવાહમાં ભિન્ન ભિન્ન સ્વરૂપે સર્જકોનું સર્જનકાર્ય ચાલતુ રહ્યુ છે. માનવીય સંવેદનાને યથાત્થ રૂપમાં પ્રગટ કરવાનો સર્જકોનો પ્રયત્ન સફળ નીવડ્યો છે. ભાષાકર્મ દ્વારા મનુષ્યમનના અતલ ઊંડાણને તાગવાનો પ્રયત્ન થયો છે. ગુજરાતી ભાષા અને સાહિત્ય વિશ્વસાહિત્યની હરોળમાં ઉભું રહે એટલું સમૃધ્ધ બનાવવામાં આધુનિક યુગના સર્જકોનો મોટો ફાળો છે.

ISBN-978-81-977089-3-0
Second Edition

ગ્રામીણ સ્ત્રીઓ વિકાસના પંથે

ડૉ. જલ્પાબેન વી. પ્રજાપતિ

મુલાકાતી વ્યાખ્યાતા, અર્થશાસ્ત્ર વિભાગ,

મણીબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડી

પ્રસ્તાવના

કોઇપણ રાષ્ટ્રના આર્થિક વિકાસમાં સ્ત્રીઓનો અગત્યનો ફાળો હોય છે. સ્ત્રીઓની કાર્યક્ષમતા, કાર્યદક્ષતા કોઇપણ પુરૂષ કરતા ઓછી નથી. આ સત્ય સર્વવિદિત છે. અને તે સ્ત્રીઓએ સ્વતંત્રતાના પછીના ૫૦ વર્ષમાં આ સાબિત કરી દીધુ છે. સ્ત્રીઓને પુરૂષોની સરખામણી એ બધાજ અધિકારો આપવામાં આવે તેઓને શિક્ષણનું મુક્ત વાતાવરણ આપવામાં આવે છે. તો તેઓ દરેક ક્ષેત્રે રાષ્ટ્રનું નિર્માણ કરવામાં પોતાનું અનન્ય યોગદાન આપી શકે અને તેમાં પણ ગ્રામીણ અર્થવ્યવસ્થાવાળા દેશમાં ગ્રામીણ સ્ત્રીઓ અને દેશના આર્થિક વિકાસ વચ્ચે સીધો સબંધ રહેલો છે. ભારત જેવા ગ્રામીણ અર્થવ્યવસ્થાવાળા દેશમાં સ્ત્રીઓનો આર્થિક વિકાસમાં મહત્વની ભૂમિકા રહેલી છે.

આપણા દેશમાં સ્ત્રીઓને દેવી તરીકે માનવામાં આવે છે. પણ વાસ્તવિકતાની પૃષ્ટભૂમિ પર સ્ત્રીઓની સ્થિતિ અત્યંત ચિંતાજનક છે. શહેર વિસ્તારમાં સ્ત્રીઓની સ્થિતિ કંઇક સંતોષકારક કહી શકાય. પરંતુ ગામિણ ક્ષેત્રમાં સ્ત્રી અધિકારોનું કોઇ મહત્વ આંકવામાં આવતું નથી. દેશમાં સ્ત્રીઓની જનસંખ્યા ૨૦૦૧ની ગણતરી મુજબ ૪૯૮.૭ મિલિયન છે. જેમાં ગ્રામીણ સ્ત્રીઓનું પ્રમાણ ૭૨ટકા જેટલુ છે. આમ જન સંખ્યાનો અને શ્રમ શક્તિનો મુખ્ય ભાગ હોવા છતાં પણ ગ્રામીણ મહિલાઓ ફક્ત ઉપેક્ષિત જ નહી પરંતુ શોષણનો શિકાર થઇ રહી છે. લગભગ ૮૧ટકા ગ્રામીણ સ્ત્રીઓ ખેતીક્ષેત્રે ખેતમજૂર તરીકે કામગીરી કરી પોતાની આજીવિકા મેળવે છે.

ભારતમાં ગ્રામીણ મહિલાઓએ શોષણનો શિકાર થવુ પડે છે. કૃષિક્ષેત્રે પ્રમુખ ભૂમિકા ભજવનાર સ્ત્રીવર્ગને શ્રમિકવર્ગમાં સ્થાન આપવામાં આવતું નથી.

ગ્રામીણ સ્ત્રીઓને કેટલાક એવા આર્થિક કાર્યો આપવામાં ભેદભાવ કરવામાં આવે છે. જ્યારે તેઓ પુરૂષોની સરખામણીએ વધુ શ્રમ કરે છે. નિરક્ષરતાના કારણે તેઓ શ્રમના કાયદાથી અને અન્ય કાયદાઓથી પરિચિત હોતી નથી. ૧૯૭૬માં સમાન શ્રમવેતન અધનિયમ મુજબ ઓછામાં ઓછી મજૂરીનું વેતન નક્કી કરવામાં આવ્યું. ગ્રામીણ સ્ત્રીઓના વિકાસ હેતુથી શરૂ કરેલ સરકારી કાર્યક્રમો :-

પ્રથમ પંચવર્ષિય યોજના અંતર્ગત ૧૯૫૧-૫૬માં સામૂહિક વિકાસના વિસ્તૃત કાર્યોમાં ગ્રામીણ સ્ત્રીઓનો સહયોગ પણ વિવિધ કાર્યક્રમોના ઘડતર કરવા માટે લેવાયો હતો. ૧૯૫૪-૫૫માં સ્ત્રીઓની સામૂહિક વિકાસ બ્લોકમાં ગ્રામીણ સેવિકાઓ તરીકે કામગીરી કરી શકે તે હેતુથી નિમણુંક કરવામાં આવી અને મહિલા મંડળની રચના કરવામાં આવી.

સંયુક્ત રાષ્ટ્રસંઘે પણ સ્ત્રીઓ સમાજ રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિકાસ સાધી શકે તે માટે ૧૯૭૫માં (સ્ત્રી દશક)ની જાહેરાત કરવામાં આવી ભારતમાં પણ તેનો પ્રભાવ પડયો. સ્ત્રીઓમાં અને તેમાં પણ ગ્રામીણ ક્ષેત્રોની સ્ત્રીઓના વિકાસ માટે ઘણા બધા કાર્યક્રમો અને યોજના બનાવવામાં આવી. અને તેનો અમલ થયો. વિવિધ સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓ સ્ત્રીઓના વિકાસ હેતું આગળ આવી અને પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો. આ સમયે કેન્દ્ર સરકાર દ્વારા કેટલાક કાર્યક્રમો ઘડવામાં આવ્યા જે આ પ્રમાણે છે.

(૧) ગ્રામીણ ક્ષેત્રમાં સ્ત્રી અને બાળ વિકાસના કાર્યક્રમો

કેન્દ્ર સરકાર દ્વારા ગ્રામીણ સ્ત્રીઓના ઉત્કર્ષ માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, આ કાર્યક્રમ ૧૯૮૨-૮૩માં પ્રારંભ કરવામાં આવ્યો અને ૧૯૯૪-૯૫ના સમય સુધી ભારતમાં ૪૫૦ જિલ્લાઓને આવરી લીધા હતાં. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ગરીબ કુટુંબની સ્ત્રીઓને રોજગાર મેળવવા માટે પ્રશિક્ષણ આપવાનો હતો જેનાથી તેઓ પગભર થઇ પોતાની આજીવિકા માટે આર્થિક ઉપાર્જન કરી શકે. આ કાર્યક્રમમાં સામૂહિક કાર્યોમાં વિવિધ શિલ્પ કલાઓનું પ્રશિક્ષણ આપવામાં આવતુ હતું. આ કાર્યક્રમ અંતર્ગત જોડાયેલ દરેક સમૂહને કાચા માલની ખરીદી, બાળકોની સંભાળ તૈયાર માલનું વેચાણ વગેરે કાર્યો માટે ૧૫૦૦૦ રૂપિયાની મદદ કરવામાં આવતી હતી.

(૨) બાલિકાઓ માટે યોજના

કેન્દ્ર સરકાર મહિલા અને બાળકલ્યાણ વિભાગ દ્વારા શાળામાંથી અધવચ્ચે શિક્ષણ છોડેલ બાલિકાઓ માટે આ યોજના શરૂ કરવામાં આવી. આ યોજનામાં બાળાઓને આંગણવાડીમાં પાલન પોષણ સંબંધિત પ્રશિક્ષણ આપવામાં આવતું હતું. જેનાથી તેઓ ભવિષ્યમાં યોગ્ય માતા તરીકેની ભૂમિકા અદા કરી શકે. આ કાર્યક્રમ દ્વારા બાલિકા મંડળનું નિર્માણ કરવામાં આવ્યું જ્યાં તેઓ પોતાની સમસ્યાઓ પર વિચાર વિમર્શ કરી શકે.

(૩) મહિલા સમૃધ્ધ યોજના

આ યોજનાનો પ્રારંભ ૨ ઓક્ટોબર ૧૯૯૩મા કરવામાં આવ્યો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ગામીણ સ્ત્રીઓને બચત કરવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. આ યોજનામાં ૧૮ વર્ષની ઉપરની સ્ત્રીઓ માટે પોતાના ગામની પોસ્ટ ઓફીસમાં ઓછામાં ઓછા ચાર રૂપિયાથી પોતાનું બચત ખાતુ ખોલાવી શકે. આ રકમને ખાતામાં એક વર્ષ સુધી રાખવા જરૂરી છે. ૩૦૦ રૂપિયાની રકમ પર સરકાર દ્વારા ૨૫ ટકા વ્યાજ આપવાની જોગવાઇ કરવામાં આવી.

(૪) રાષ્ટ્રીય મહિલા ફંડ

રાષ્ટ્રીય મહિલા ફંડનું આયોજન મહિલાઓ દ્વારા આર્થિક ઉપાર્જન કરવાના હેતુથી કરવામાં આવ્યુ. આ ફંડમાંથી સ્ત્રીઓને લોન આપવામાં આવે છે. આ લોનની વધુમાં વધુ રકમ ૨૫૦૦ રૂા. આપવામાં આવે

ISBN-978-81-977089-3-0
Second Edition

છે.આ લોન ગેરસરકારી સંસ્થાઓ દ્વારા આપવામાં આવે છે. સંસ્થાઓને ૮ ટકા પર આ ફંડ આપવામાં આવે તે આ લોન ૧૨ ટકાના વ્યાજે સ્ત્રીઓ સુધી પહોંચાડી હતી.

(૫) વિકાસ યોજનાઓમાં સ્ત્રીઓની ભાગીદારી

વિકાસ કાર્યક્રમમાં સ્ત્રીઓની ભાગીદારી મેળવવા માટે વિવિધ યોજનાઓ તેમાં પણ ગ્રામીણ વિકાસ કાર્યક્રમમાં મહિલાઓની ભાગીદારી નક્કી કરવા માટે સ્ત્રી અનામતનું આયોજન આ કાર્યક્રમમાં કરવામાં આવ્યું. આવા કેટલાક કાર્યક્રમો આ પ્રમાણે છે.

જવાહર રોજગાર યોજના:

ગરીબી રેખા નીચેના લોકો માટે આ યોજનામાં કુલ ૩૦ ટકા જગ્યાઓ અનામત રાખવામાં આવી હતી.

ગ્રામીણ વિકાસ કાર્યક્રમ:

આ યોજના સમગ્ર દેશમાં ૨ ઓક્ટોબર ૧૯૮૦માં શરૂ કરવામાં આવી. આ યોજનાનો ઉદેશ ગરીબીરેખા નીચેના લોકોનું જીવન રસ્તર ઉચું લાવવાનો હતો ગ્રામીણ મહિલાઓને આ યોજનામાં મુખ્ય સ્થાન આપવામાં આવ્યુ છે. આ કાર્યક્રમના અંતર્ગત સ્ત્રીઓ માટે ૩૦ ટકા સ્થાન અનામત રાખવામાં આવ્યુ.

ગ્રામીણ યુવા સ્વરોજગાર પ્રશિક્ષણ યોજના

આ કાર્યક્રમ અંતર્ગત ગામડાના ૧૮-૨૫ વર્ષના યુવક- યુવતીઓ જ ગરીબી રેખા નીચે જીવન ગુજારે છે તેઓને તાલીમ સાથે શિષ્યવૃત્તિ આપવાની આ યોજનામાં બેંક દ્વારા લોન આપવામાં આવતી હતી. જેનાથી તેઓ સ્વરોજગાર મેળવવાની પ્રવૃત્તિ કરી શકે. આ યોજનામાં ૪૦ ટકા જેટલી જગ્યાઓ સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવતી હતી.

સ્ત્રી વિકાસ સંબંધિત રાજ્ય સરકારોની યોજનાઓ :

પંચવારા યોજના: મધ્ય પ્રદેશ સરકાર દ્વારા ૧ નવેમ્બર ૧૯૯૧માં ગામીણ અને આદિવાસી વિસ્તારની સ્ત્રીઓના કલ્યાણ અને વિકારા માટે પંચધારા યોજના શરૂ કરવામાં આવી. આ પંચધારા યોજનામાં પાંચ કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો તે આ પ્રમાણે છે.

વાત્સલ્ય યોજના: પ્રસૂતિના સમયગાળા દરમ્યાન સ્ત્રીઓને પ્રાથમિક સ્વાસ્થય સંબંધિત સુવિધાઓ પુરી પાડવી તે વાત્સલ્ય યોજના હેઠળ આવરી લેવામાં આવતી..

ગ્રામીણ યોજના: ગ્રામીણ સ્ત્રીઓ માટે લઘુઉદ્યોગ શરૂ કરવા આ યોજના હેઠળ આર્થિક સહાય આપવાની યોજના બતાવવામાં આવી.

આયુષ્યમતી યોજના: ગરીબી મહિલાઓને બિમારીમાં સહાયતા કરવા માટે દવાઓ તેમજ પૌષ્ટિક આહારની વ્યવસ્થા આ યોજના હેઠળ મફત કરવામાં આવી..

સામાજિક સુરક્ષા પેન્શન યોજના: નિરાધાર વિધવાઓને આ યોજના હેઠળ આર્થિક સહાય કરવામાં આવે છે.

કલ્પવૃક્ષ યોજના: અંતરિયાળ આદીવાસી સ્ત્રીમાં અનુસૂચિતજાતિ અને જનજાતિની સ્ત્રીઓને રોજગાર આપવા માટે કલ્પવૃક્ષ યોજના બનાવવામાં આવી.

આપની બેટી અપના ધન યોજના: કિશોર વયની બાલિકાઓ માટે હરિયાણામાં ૨ ઓક્ટોબર ૧૯૯૪માં આ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો. આ યોજના હેઠળ અનુસૂચિતજાતિ અને જનજાતિ કુટુંબની નવજાત બાળાઓના નામે ૨૫૦૦ રૂપિયા ઇન્દીરા વિકાસપત્ર સરકાર દ્વારા આપવામાં આવ્યા. જે ૧૮ વર્ષ બાદ ૨૫૦૦ તૈયાની રકમ રૂપે આપવામાં આવશે. આ રકમનો ઉપયોગ બાળાઓના ઉચ્ચશિક્ષણ રોજગાર મેળવવાના સાધનો વસાવવા માટે કરવામાં આવશે.

કુંવરબાઈનું મામેરૂ યોજના: ગુજરાત સરકાર દ્વારા ૧૯૯૫માં શરુ કરવામાં આવેલ આ યોજના હેઠળ ૭૫૦૦ રૂપિયાથી ઓછી વાર્ષિક આવકવાળા ગરીબવર્ગના કુટુંબની કન્યા માટે તેના લગ્ન રસમયે ૫૦૦૦ રૂપિયાની આર્થિક સહાય રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે એવું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યુ.

કામધેનું યોજના: મહારાષ્ટ રાજ્યની આ યોજના હેઠળ અપંગ, ત્યક્તા અને નિરાધાર સ્ત્રીઓને પગભર બનાવવાના ઉદ્દેશથી આર્થિક સહાયતા આપવાની જાહેરાત કરવામાં આવી. રાજ્યની ઔદોગિક તાલીમ સંસ્થાઓ (આઇ.ટી.આઈ) માં દરેક વ્યવસાયિક કોર્સમાં છોકરીઓ માટે ૩૦ ટકા જગ્યાઓ અનામત રાખવી. ગ્રામીણ સ્ત્રીઓના વિકાસ અર્થે કેન્દ્ર અને વિવિધ રાજયો હંમેશા પ્રયત્નશીલ રહ્યો છે. અત્યારે પણ સ્ત્રી વિકાસના કાર્ય માટે કેન્દ્ર અને રાજય સરકારો દ્વારા વિવિધ કાર્યક્રમો અને યોજનાઓ બનાવીને અમલમાં મૂકી રહી છે. જેના દ્વારા ગામીણ સ્ત્રી વર્ગ વધુને વધુ લાભ ઉઠાવીને દેશના વિકાસની ગતિને વધુ તીવ્રરૂપ આપી રહ્યા છે.

ISBN-978-81-977089-3-0
Second Edition

ગ્લોબલ વોર્મિંગ

ડૉ. લક્ષ્મીબેન એન. ઠાકોર

મુલાકાતી વ્યાખ્યાતા, મનોવિજ્ઞાન વિભાગ,

મણીબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડી

"ગ્લોબલ વોર્મિંગ" અર્થાત દુનિયાના વધતા જતા તાપમાનની દાહક અસર હવે તો બધે વર્તાવા લાગી છે. ગુજરાતમાં આ વખતે તો ઉનાળાના પ્રારંભે જ ગરમીનો પારો ૪૦ અને ૪૨ અંશ સેલ્સિયસની આસપાસ રહ્યો છે. અને આ દુઃસહ ગીષ્માનુભવમાં તત્કાળ રાહત મળવાની ઝાઝી આશા નથી. પરંતુ આ માત્ર ગુજરાતની નહી વિશ્વની વસમી અનુભૂતિ છે. અને હજુ તો શરૂઆત છે. ઉષ્ણાતામાન અને ઉકળાટપણાના દારૂણ અનુભવો આગામી વર્ષોમાં બધાને થવાનો છે. વિશ્વભરના વૈજ્ઞાનિકો .હવામાન શાસ્ત્રીઓ અને પર્યાવરણવાદીઓ આ અંગે મનુષ્યજાતિને એકધારી ચેતવણી આપતા રહ્યા છે. પણ હજુ સુધી તેનું કશું ઇચ્છિત પરિણામ આવ્યુ નથી.

જે સ્થિતિ સર્જાઇ છે. અને વધારે કરાણ બનવાની તેના માટે આપણે સહુ જવાબદાર બલકે અપરાધી છીએ અને સાથી મોટા ગુનેગાર અમેરિકા જેવા અતિવિકસિત દેશો છે. જેઓ 'ગ્રીન હાઇસ ઇફેક્ટ' નું એટલુ બધુ ઉત્સર્જન કરે છે તેના કારણે વિશ્વમાં હવામાનનું ધનોતપનોત નીકળતુ જાય છે. અફાટ માનવ વસ્તી અતિ ઔધોગીકરણ અને વાહનોની સંખ્યાનો વિસ્ફોટ આ કારણે વિષમ સ્થિતિ માટે જવાબદાર છે. તે સાથેજ પ્રદુષણ વધારનારી આપણી કેટલીય આદતો આ સ્થિતિ માટે ઓછી કારણભૂત નથી. ગઇકાલનો વૈભત આજની આવશ્યકતા ગણાય છે. શહેરમાં નિમ્ન મધ્યમવર્ગનું ઘર પણ હવે રેફ્રિજેટર વિનાનું નહી હોય .વાહનોના રાફડા ફાટ્યા છે. પરંતુ આપણે કદાચ એ હકીકત જાણતા નથી કે આ બધા વિજળી, પેટ્રોલ ચાલિત સાધનો ગ્લોબલ વોર્મિંગ વધારવામાં પોતપોતાનો ફાળો આપે છે. માઠા પરિણામો અત્યારથી જ દુનિયા માટે પ્રત્યક્ષ થવા માંડયા છે. અને ભવિષ્યમાં તો કોણ જાણે શું થશે.

વિશ્વના વધતા જતા તાપમાનની સાથી ખરાબ અસર હિમનદીઓ, ગ્લેશિયર્સ પર પડી છે. તે પીગળવા લાગે છે. ધ્રુવ પ્રદેશથી માંડીને આપણાં હિમાલય સુધી સર્વત્ર હિમનદીઓ વ્યાપ છે. પરંતુ ગ્લોબલ વોર્મિંગને કારણે આ બધા ગ્લેશિયર્સ પીગળવા માંડયા છે. થોડાક જ વર્ષોમાં ધ્રુવપ્રદેશમાં બરફ હશે નહી હિમાલય તેના નામને સાર્થક કરવાની સ્થિતિમાં હશે. ભારતમાં ગંગાનદીએ માતા સમાન છે. જો એનુ જ અસ્તિત્વ નહી રહેતો બીજી નદીઓની તો વાત જ શી? આની સીધીજ અસર ભારતના કૃષિક્ષેત્ર ઉપર પડશે. તદઉપરાંત નિષ્ણાતોએ આગાહી કરી છે- કે ગ્લોબલ વોર્મિંગને કારણે ભારતમાં ઘઉંનું ઉત્પાદન ઘટશે. જે તેમ થાયતો એક અબજ ઉપરાંતની વસ્તી ધરાવતા ભારતના બહુ સંખ્ય લોકોના પેટનો ખાડો કેમ પુરાશે. ગ્લોબલ વોર્મિંગના સંદર્ભમાં તજજ્ઞો એ સૌ કોઈના હાજા ગગડાવી નાંખે તેવી આગાહી કરવા માંડી છે. તેઓના અભિપ્રાય અનુસાર કુદરતનું ફાટાબાજપણું માઝા મૂકશે. ક્યાંક અતિશય ગરમી ક્યારેક

અતિશય ઠંડી. ચોમાસાના ઢંગધડા નહી રહે. બરફના તોફાનો જાગશે. પ્રલયકારી પૂર આવશે. ભીષણ દુષ્કાળ પણ પડે. આસમાની આપતી તો આરે આવીને ઉભેલી છે. ત્યાં તો મનુષ્ય સર્જિત વિપતિઓની વાત તો વળી અલગ જ છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં એક તરફ દુનિયાએ સર્વાંગી પ્રગતિ તો ઘણી કરી પણ સામે પર્યાવરણને કેટલું નુકશાન થાય છે. તેનો ખ્યાલ રાખ્યો નથી. પણ વાંકનો ટોપલો સંપન્ન દેશોને શિરે ઠાલવવામાં ન્યાય બુદ્ધિ નથી. ભારત જેવા ગરીબ દેશોમાં નિષ્ઠુર ઠેકેદારોએ જંગલોના જંગલો ઉડાડી દીધા છે નદીઓને મેલી બનાવી દીધી છે.વન્યસૃષ્ટિનો સંહાર કરી પ્રાકૃતિક સંતુલન,વાઘ,સિંહ જેવા પ્રાણીઓનું હવે અસ્તિત્વ નથી. ગુજરાતનું ગીર અભ્યારણ આખા એશીયામાં વનરાજ સિંહનું એકમાત્ર નિવાસ સ્થાન છે. પરંતુ છેલ્લા બે મહિનામાં ગુજરાતના ગૌરવ સમાન ગણાતા સિંહને બચાવવા ગુજરાત સરકારે એકશન પ્લાન જેવા નિયમ ઘડી કાયા છે. દુનિયામાં વાઘ, સિંહ, દિપડા, ચિતા, મગર, સાપ, હરણ વગેરે જીવોની ચામડી, નખ, દાંત બીજા અંગઉપાંગ વગેરેની દાણચોરી અને વેપાર થાય છે.

ગ્લોબલ વોર્મિંગના સંદર્ભમાં એક આગાહી, ચેતવણી એવી પણ અપાય છે કે વિશ્વનું તાપમાન અસાધારણ રીતે વધી જતાં પશુ પક્ષીઓની કેટલીક પ્રજાતિઓ પૃથ્વીપટ પરથી કાયમ માટે નાશ થઈ જશે. આપણા મુંગા જીવો એક તરફ ફાંટાબાજ કુદરતનો માર અને બીજી તરફ મનુષ્યની ઘાતકી સ્વાર્થીવૃત્તિના પ્રહારો વેઠી રહ્યા છે. કોણ કહેછે કે મનુષ્યજાતિએ માત્ર સાચી દીશામાં જ પ્રગતિ કરે છે.

ISBN-978-81-977089-3-0
Second Edition

મહાભારતની સમીક્ષિત આવૃત્તિ, વાચનાઓ એવં પ્રક્ષેપો

ડૉ. તરુલતા વી.પટેલ

આસીસ્ટન્ટ પ્રોફેસર (અધ્યાપક સહાયક), સંસ્કૃત વિભાગ,

મણીબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડી

અશ્વિની બાદ્દલે

મુલાકાતી વ્યાખ્યાતા, અંગ્રેજી વિભાગ,

મણીબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડી

ભારતીય સંસ્કૃતિના વિશ્વકોશ (Encyclo- paideia) તરીકેનું ગૌરવ પ્રાપ્ત કરનાર મહાન આકર ગ્રંથ મહાભારત ભારત વર્ષનો અદ્વિતીય ગ્રન્થ છે. ભારતીય પરંપરા પ્રમાણે મહર્ષિ કૃષ્ણ વૈપાયન વ્યાસ મહાભારતના રચયિતા છે. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ જેવી ચાર વૈદિક સંહિતાનો રચીને તેઓ વ્યાસ બન્યા.[૧] પછી એમણે અદ્વિતીય ગ્રન્થ ત્રણ વર્ષના સતત પરિશ્રમ બાદ રચ્યો.[૨] તે પંચમો વેદ કે કાર્ષ્ણ વેદ છે.[૩]

મહાભારતના આદિપર્વમાં કહ્યું છે કે એક બાજુ ચાર વેદો અને બીજી બાજુ ભારતને રાખીને દેવર્ષિઓએ તોલ કર્યો તો મહાભારતવાળું પલ્લું નમી ગયું.[૪] આમ મહાભારતના બૃહત્કાય સ્વરૂપને લીધે એને ભારવાળું એટલે ગૌરવવાળું હોવાથી મહાભારત કહેવાય છે તેની મહત્તા અને ગુરુતા દર્શાવે છે. વળી મહાભારત ની કથા ભત કુળમાં જન્મેલા મહાનવીરોની કથા હોવાથી પણ તે મહાભારત કહેવાયું છે.[૫]

મહાભારતે ભારતના પ્રજાજીવનનાં વિવિધ પાસાંઓને પ્રભાવિત કર્યા છે. તેથી ભારતની મહત્તા , ગુરુતા અને ગૌરવનું સાંસ્કૃતિક ચિત્ર આપતું હોવાથી મહાભારત નામ સાર્થક છે.તેમાં માનવ જગતની વૈયક્તિક કે સામાજિક જીવનની તમામ સમસ્યાઓનું સંપૂર્ણ નિરૂપણ થયું છે. તેથી યોગ્ય જ કહેવાયું છે કે જે મહાભારત માં નથી તે ભારતમાં છે.[૬]

મહાભારતના વ્યાપક અને સાર્વગમી પ્રભાવનું ગૌરવ કરતાં ડૉ.ઉપેન્દ્ર જ.સાંડસરા નોંધે છે કે, 'મહાભારત પ્રાચીન બૃહદ ભારત અથવા તો પ્રાચીન સમયના ભારત ને જગતના ઇતિહાસ, સાહિત્ય ઉત્કીર્ણ લેખો, પ્રાચીન અને ઉત્તરકાળનું સંસ્કૃત સાહિત્ય, સંત સાહિત્ય, આધ્યાત્મિક જ્ઞાનવિજ્ઞાની, સામાજિક,રાજકીય અને આર્થિક જ્ઞાન - વિજ્ઞાની વૈદિક સાહિત્યથી માંડીને ઉત્તરકાલના વૈદિક સંપ્રદાયો, જૈન, બૌદ્ધ અને જરથોસ્તી અનુગમોનું સાહિત્ય અને એ સિવાયના બીજા અનેક વિદ્યાશાખાઓને જોડતા પ્રમુખ સેતુરૂપ છે.[૭]

ISBN-978-81-977089-3-0
Second Edition

મહાભારતની સાહિત્ય ઉપર અસર :

મહાભારતે પ્રજાજીવન ઉપર મોટી અસર કરી છે. આથી સ્વાભાવિક રીતે તે પછીના સાહિત્ય ઉપર તેની અસર થયા વિના રહે નહિ, આથી સંસ્કૃત ભાષાના તેમજ અન્ય ભારતીય ભાષાના સર્જકો ઉપર આ સાહિત્યની અચૂક અસર પડે જ.

આ અસર એટલી વ્યાપક છે કે આપણા સાહિત્યમાંથી મહાભારતને બાદ કરી નાખીએ તો ખાસ કશું રહે નહિ. આમ "सर्वेषां क वमुख्यानामुपजीव्यो भ वष्" એ આદિ પર્વમાં ઉચ્ચારાયેલી ભવિષ્યવાણી સાચી પડી છે.

સંસ્કૃત આહિત્યમાં પંચમહાકાવ્યોની જે ગણના થાય છે. તેમાં ભારવિ, માઘ, અને શ્રીહર્ષનાં ત્રણ મહાકાવ્યો ના ૧૯ વિષયો મહાભારત માંથી પસંદ થયા છે. ભાસનાં છ રૂપકોની વિષયવસ્તુની પૃષ્ઠભૂમિ મહાભારત કથા જ છે. કાલિદાસના સુપ્રસિદ્ધ अ भज्ञानशाकुन्तलम् નું પ્રેરણા સ્થાન શકુંતલોપાખ્યાન છે. ભટ્ટ નારાયણનું વેણીસંહારમ મહાભારત કથા ઉપર રચાયેલું છે. આ ઉપરાંત નીતિવર્મનનું कीचकवध ક્ષેમેન્દ્ર નું भारतमञ्जरी કુલશેખર વર્મનનું सुभद्रा धनञ्जय, રાજશેખર નું बालभारत, વત્સરાજનું करातार्जुनीयव्यायोग, ત્રિવિક્રમ ભટ્ટનું नलचम्पू, ઉપરાંત भारतचम्पू, द्रौपदी परिणीय, રામચંદ્રનું नल वलास વગેરે નાની મોટી સાહિત્યકૃતિનું પ્રેરણા સ્રોત મહાભારત છે. પાલિ, પ્રાકૃત અને અપભ્રંશ કૃતિઓ ઉપર મહાભારતની ઘેરી અસર છે. અમગ્ર ભારતની અનેકતાઓના સાહિત્યમાંથી નલોપાખ્યાન, શકુન્તલોપાખ્યાન, રામોપાખ્યાન વગેરે આખ્યાનો જીવંત સાહિત્ય છે.

સર્જનાત્મક આહિત્ય ઉપરાંત દર્શનશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર વગેરે અનેક શાસ્ત્રોના પરવર્તી ગ્રન્થો ઉપર મહાભારતનો પ્રભાવ સ્પષ્ટ છે. પરવર્તી સાહિત્ય ઉપર એક અથવા બીજી રીતે પડેલા મહાભારતના અદ્વીતીય તથા ઊંડા પ્રભાવને લીધે જ કહ્યું છે.— "व्यातोच्छिष्टं जगत् सर्वम्" ।

મહાભારતની સમીક્ષિત આવૃત્તિ અને વાચનાઓ:

મહાભારતનો મૂળ ગ્રન્થ વ્યાસે રચ્યો અને ત્યારબાદ વૈશમ્પાને અને સૌતિએ બીજી બે આવૃતિઓ તૈયાર કરી. આમ સ્વાભાવિક રીતે તેનું મૂળ કદ તો બદલાયું જ પણ સાથે સાથે તેમાં ઘણા બધા સુધારા થયા. કેટલોક ભાગ નવો ઉમેરાયો તો કેટલોક ભાગ તેમાંથી દૂર થયો. એ રીતે તેનાં મૂલ્યો બદલાયાં, દૃષ્ટિકોણ બદલાયા અને મુદ્દાઓ ઉપરના ભાર પણ બદલાયા. સૌતિએ રચેલી ત્રીજી આવૃત્તિ પછી પણ તેમાં અનેક રીતે ફેરફાર થયા. તે જમાનામાં મહાભારતની હસ્તપ્રતો તૈયાર થતી હશે અને તે દ્વારા એક પ્રદેશમાંથી બીજી પ્રદેશમાં મહાભારત પહોંચ્યું હશે. આ સમયે તેના લહિયાઓ દ્વારા જાણે - અજાણે ભૂલો થતી હશે તથા કથાકારો પોતાની તથા શ્રોતાઓની રૂચિ અનુસાર તેમાં ફેરફાર કરી કથાઓ કહેતા હતા. આને પરિણામે મૂળ કથામાં ઘણાં પરિવર્તનો થયાં અને તે આધારે તેમાં વિસંગતિઓ થવા લાગી તથા પુનરાવર્તન નું પણ પ્રમાણ વધ્યું. આમ મહાભારત અનેક પાઠભેદોવાળું બન્યું. આમાંથી મૂળ કથા શોધથી

મુશ્કેલ થઈ પડે તેવું થયું. વિરાટપર્વમાં એકલે હાથે બધા જ કુરુઓને જીતનાર અર્જુનને મહાભારતના યુદ્ધ સમયે એકલા ભીષ્મ સામે લડતાં ખૂબ જ મહેનત પડી. અર્થાત્ અર્જુનનું ગૌરવ વધારવામાં ઔચિત્ય ભંગ થયો છે એમ સ્પષ્ટ કહી શકાય છે. આવાં અનેક ઉદાહરણો ઉપરથી જોઈ શકાય કે મહાભારતની અનેક વાચનાઓ વિકસી હતી.

આ બધી વાચનાઓને ભાષાકીય રીતે જોતાં શારદા, નેપાળી, બંગાળી અને મૈથિલી વાચનાઓ છે. પ્રાદેશિક રીતે પણ તેમનો વિકાસ થયેલો માની શકાય. આ બધા પાઠો ઉત્તરી વાચનાના નામે ઓળખાય છે .બીજી બાજુ તેલુગુ, ગ્રન્થ અને મલયાલમ આવૃત્તિઓ દક્ષિણી વાચના તરીકે ઓળખાય છે.

ઉત્તરી વાચનામાં ભાષાકીય ભેદોનો વિશિષ્ટતાઓને કારણે ઉપવાચનાઓ સર્જાઈ હોવાનું પણ જણાય છે.

(૧) સૌ પ્રથમ બંગાળ એશિયાટિક સોસાયટીએ ઈ.સ.૧૮૩૪માં મહાભારત પ્રગટ કર્યું. ત્યારબાદ એક સદી સુધી અવારનવાર પ્રગટ થયું. શ્રી પ્રતાપચંદ્ર રૉયનું ઈ.સ.૧૮૮૩-૯૬ માં મહાભારત નું સંપાદન દક્ષિણના મયાવરમમાં ઊહાપોહ જગવનારું નીવડયું. કલકત્તાની આ આવૃત્તિ મુદ્રણ દોષોથી દૂષિત છે એમ વિન્ટરનિટ્ઝ માને છે. કલકત્તાથી પ્રસિદ્ધ થયેલી આ આવૃત્તિઓનો આધાર પૂર્વી વાચના કહેવાય છે.

(૨) બીજો કાશ્મીરી વાચના ઉપર આધારિત ઉત્તરીય પાઠ છે. જે ભાંડારકર ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યૂટ પ્રગટ કરેલ છે.

(3) ત્રીજી વાચના દેવનાગરી વાચના મધ્યપ્રદેશ મહારાષ્ટ્રની છે. નીલકંઠે આ પાઠને સ્વીકાર્યો છે.

(4) ચોથી દક્ષિણી વાચના છે. તેની બે આવૃત્તિઓ ઉલ્લેખનીય છે. કુંભકોણની આવૃત્તિ અને તેલંગણ આવૃત્તિ. શ્રી પી.પી. સુબ્રભણ્યમ શાસ્ત્રીમે ઈ. સ. ૧૯૩૨ માં એક આવૃત્તિ તૈયાર કરી ઓળખાળવાનો પ્રયત્ન કર્યો પણ આ આવૃત્તિને સફળતા ન મળી.

આવી વિવિધ વાચનાઓને આધારે મૂળ વાચનાનું સ્વરૂપ નક્કી કરવાની જરૂરિયાત અભ્યાસીઓને થઈ કેમ કે એક દેશ અને બીજો દેશ,એક સંસ્કૃતિ અને બીજી સંસ્કૃતિ નજીક આવવા લાગી અને આમ થતાં અભ્યાસ માટેના નવા કેટલાક મુદ્દાઓ ઊભા થયા.

સંસ્કૃત અને ભારતીય સંસ્કૃતિના એક અગ્રગણ્ય અભ્યાસી પ્રો. વિન્ટરનિટઝે ઈ.સ. ૧૯૮૭માં અંગે વિચાર કરવા અવરોધ કરતો એક નિબંધ ૧૧મી પ્રાચ્યવિદ્યા પરિષદ સમક્ષ રજૂ કર્યો. આ પછી ૧૮૯૯માં રોમ ખાતે ભરાયેલી ૧૨મી પ્રાચ્યવિદ્યા પરિષદમાં આ અંગેની રસપ્રદ ચર્ચા થતાં આંતરરાષ્ટ્રીય સમિતિને આ કામ સોંપવામાં આવ્યું પરંતુ ફળ પ્રાપ્તિ ન થતાં પુન: ઈ.સ.૧૯૦૨ માં વિન્ટરનિટ્ઝ હેમબર્ગમાં ભરાયેલી પ્રાચ્યવિદ્યા પરિષદ સમક્ષ આજ વાત દોહરાવી.

દરમ્યાન પ્રો. લ્યૂડર્સે પણ આમાં કામ શરૂ કર્યું, યુરોપના ગ્રંથાલયમાંથી મળેલી ઓગણત્રીસ આવૃત્તિઓની યાદી તૈયાર કરવામાં આવી અને આરંભમાં આદિપર્વ ના ૬૭ શ્લોકોનું સંપાદન કર્યું, પરંતુ બીજા વિશ્વયુદ્ધને પરિણામે આ કામ આગળ થઈ શકયું નહિ.

ISBN-978-81-977089-3-0
Second Edition

ભારતીય વિદ્વાનોને પણ આ અંગેનાં શોધખોળ ની જરૂરિયાત લાગી. આથી ઈ.સ. ૧૯૧૮ના જુલાઈ માસની છઠ્ઠી તારીખે પૂનાની ઓરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ પ્રાચ્ય સંશોધન સંસ્થાએ મહાભારતની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરવાનો નિર્ણય લીધો. ઈ.સ. ૧૯૧૯માં આંધ્રના મુખ્ય પ્રશાસક બાબાસાહેબ પંત પ્રતિનિધિ, આર.બઝીમરમેન અને સી.વી. વૈદ્યના નેતૃત્વ હેઠળ મહાભારતની નવી અને સમીક્ષિત આવૃત્તિનું પ્રોસ્પેક્ટસ તૈયાર કરવામાં આવ્યું. પરમ વિદ્વાન શ્રી રામકૃષ્ણ ગોપાળ ભાંડારકરે **नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम्** એ શ્લોક લખીને કાર્યની મંગળ પ્રારંભ કર્યો. ત્યારબાદ ઈ.સ.૧૯૨૩માં પ્રા. ઉદગિતકરે મહાભારતના વિરાટપર્વનું પ્રયોગાત્મક સંપાદન કર્યું. પછી પર્વના વર્ગીકરણ પ્રમાણે સંપાદન કરવાની અલગ અલગ પર્વનું સંપાદન કાર્ય કરવાની યોજના વિચારાઈ. મુખ્ય સંપાદક તરીકે શ્રી વી. એચ. સુકર્થકરની વરણી કરવામાં આવી. સંપાદન કાર્ય કરવા માટે ગ્રીક અને લેટિન ગ્રંથોની સંશોધિત આવૃત્તિ તૈયાર વિશ્વમાન્ય વૈજ્ઞાનિક રીત અપનાવવામાં આવી અને પ્રત્યેક સંપાદન, કાર્યમાં સમાનતા રહે તે માટે સર્વસામાન્ય નિયમો ઘડવામાં આવ્યા. આ કાર્યનો પ્રારંભ ઈ.સ ૧૯૨૫માં કરવામાં આવ્યો અને ૪૨ વર્ષે ૧૯૬૬માં તેને પૂરું કરવામાં આવ્યું.

આ સંપાદન કાર્ય કરવા માટે ભારતમાંથી અને વિશ્વમાંથી હસ્તલિખિત પ્રતો મેળવી. આની બાર જુદી જુદી લિપિમાં લખાયેલી ૧૨૫૯ પ્રતોનો તેમણે અભ્યાસ કર્યો અને એક સમિક્ષીત આવૃત્તિ તૈયાર કરી આ સમીક્ષિત આવૃત્તિમાં ૧૮ પર્વમાંથી લગભગ ૭૩૦૦૦ જેટલા શ્લોકો અને હરિવંશની સમિક્ષિત વાચનાના ૬૦૭૩ શ્લોકો ઉમેરીએ તો લગભગ ૮૪૦૦૦ શ્લોકો આવે છે.

પૂનાના વિદ્વાનો પાસે જે હસ્તપ્રતો આવી તે ઘણી બધી લિપિઓમાં હતી. આમાંથી લગભગ અર્ધા જેટલી દેવનાગરીમાં, બાકીનામાંથી બંગાળીમાં બાવીસ(૨૨), ગ્રન્થમાં એકત્રીસ (૩૧), તેલુગુમાં અઢાર (૧૮), મલયાલમમાં છવ્વીસ(૨૬), નેપાળીમાં પાંચ (૦૫), શારદામાં ત્રણ (૦૩), મેથિલીમાં એક (૦૧), કન્નડમાં એક (૦૧) અને નંદીનગારી લિપિમાં એક હસ્તપ્રત મળી.આ બધી હસ્તપ્રતોનો સમય લગભગ ૧૬ થી ૧૯ મી સદી સુધીની મનાય છે. સૌથી જુની હસ્તપ્રત નેપાળી લાગે છે. તે ઈ. સ. ૧૫૧૧માં લખાઈ હોવાનો સંભવ છે. આમ ૧૬મી સદી પહેલાંની જે હસ્તપ્રત હશે તે વિશે આપણે અજ્ઞાન છીએ. આમ જે જે હસ્તપ્રતો મળી આવી તેમાં બધાં પર્વો ન હતાં. સૌથી વિશેષ વાચનાઓ તથા હસ્તપ્રતો આદિપ્રતો આદિપર્વની મળેલી તે ૨૩૫ જેટલી હતી

આમાંથી કોઈ હસ્તપ્રત મૂળનું યથાતથા સ્વરૂપ ધરાવતી હોય અને પૂરેપૂરી શુદ્ધ હોય એવો સંભવ ન હતો. શ્રી ફ્રેન્કલિન એડગરટન યોગ્ય રીતે જ લખે છે .:

More Important for Us at This Point Is the Fact That Not One of Our Recensions Is Free from Secondary Insertions Found in More Than One Seemingly ' Indipendent ' Version. This Can Only Mean That All Recensions Are to Some Extent Contaminated.[૮]

મહાભારતના પ્રક્ષેપો :-

મહાભારત એક જ કર્તાએ રચેલી કૃતિ નથી, તેની ચર્ચા તો આપણે કરી કે તેનાં ત્રણ સંસ્કરણો સમય સમયના લાંબા ગાળા બાદ રચાયા હશે આથી તેની મૂળ કથામાં અનેક ઉમેરાઓ હોય એ સ્વભાવિક છે. આ પછી પણ અનેક સૂત્રો (સૂતો) અને કથાકારોએ પોત- પોતાના જમાનામાં એને પોતપોતાના પ્રદેશમાં શ્રોતાઓની રસ અને રૂચિને અનુસરીને ઘણા બધા ઉમેરાઓ થયા હોય એ સ્વભાવિક જ છે. આથી કાળક્રમે કેટલાં કેટલાં તેમાં પરિવર્તનો થયાં તે શોધવું સ્વાભાવિક છે. આમ છતાં સમીક્ષિત આવૃતિમાં તુલનાત્મક પદ્ધતિ દ્વારા પ્રક્ષેપો તારવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

મહાભારતને અતિ ધ્યાનથી વાંચીએ કે સાંભળીએ તો કથા પ્રવાહમાં ઘણીવાર આપણને ખ્યાલ આવે છે કે કથાપ્રવાહની સાથે જરાપણ બંધ બેસતી ન હોય તેવી વાતો કે ઘણી વખત પુનરુક્તિ ઓ યુક્ત વર્ણનો નજરે ચડે છે તે જ પ્રક્ષેપો છે. આવા પ્રક્ષેપો શ્લોકાર્ધ, શ્લોક, કથાંશ કે કથાનક રૂપે મળે છે.

શ્રી વિન્ટરનિટ્ઝ, શ્રી સુકંથકર તથા શ્રી સી. વી. વૈદ્ય જેવા વિદ્વાનોએ આ અંગે પોતાનો મત આપતાં કહ્યું છે કે આનો મોટો આધાર માત્ર કથાકારો ઉપર જ છે. કથાકારો તથા ભાટચારણઓ વગેરેએ મૂળ સબંધ સાથે સંબંધ ન ધરાવતી દંતકથાઓ, નીતિ, ધર્મ કે તત્ત્વજ્ઞાનની વાતો કેવળ વિસ્તારની વૃત્તિથી જ ઉમેરી હોય એમ લાગે છે. વળી નિરર્થક લાંબી લાંબી વંશકથાઓ, ભૂગોળ, અને સૃષ્ટિ ઉત્પત્તિની વાતો વિષ્ણુ અને શિવની દંતકથાઓ વગેરેના શ્લોકો ક્ષેપક હોવાનો જ સંભવ છે. આખ્યાનો અને તેને અંતે આવતી ફળશ્રુતિ ઓ, મહાભારતમાં આપવાથી ગૌરવ પામે એ હેતુથી જ બિનજરૂરી એવી બાબતો કહેવામાં આવી છે. એક જ પ્રસંગની બંધ બેસતી ન હોય તેવી પુનરુક્તિ તથા કાવ્યને માત્ર શોભાવવા દાખલ કરેલા યુદ્ધો, પ્રકૃતિ દૃશ્યો, વિલાપ વગેરેનાં દીર્ઘ વર્ણનો, ભવિષ્ય ની ઘટનાઓનાં ઉલ્લેખો વગેરે પ્રજાને માત્ર સમજૂતી આપવા કરેલા હોય છે.

આ રીતે વિચારીએ તો સત્યવતી અને પરાશર નાં થયેલાં લગ્ન, ગણપતિ લહિયો બન્યા તે કથા, કનિકનીતી, કડુ - વિનતાની કથા, સભાપર્વ માં ઈન્દ્ર, વરુણ આદિ સભાનાં વર્ણનો પણ પાછળથી ઉમેરાયેલા હોય એવાં લાગે છે.આ ઉપરાંત આદિ પર્વ માં આવતું પૌર્વ , ઉપાખ્યાન , કેટલાંક પર્વો માં આવતું અમ્બા ઉપાખ્યાન, વિપુલોપાખ્યાન, ઉત્તક આખ્યાન વગેરે તથા દ્રોપદી વસ્ત્રાહરણ, રાજધર્મનું વર્ણન, અનેક સંવાદો, અજગર - યુધિષ્ઠિર સંવાદ વગેરે. અનુગીતા, બહુપતિ ની સમજ આપતો પ્રસંગ, શ્રી પી.પી .એસ. શાસ્ત્રીના મત મુજબ અર્ધાભિહરણ પ્રસંગે ભીષ્મે કરેલી શ્રીકૃષ્ણની પ્રશસ્તિ ,સહદેવની ધમકીની પુનરાવૃત્તિ પ્રક્ષેપો હોય તેમજ લાગે છે. આરણ્યક પર્વમાં અર્જુનને મોહિત કરવાની ઉર્વશીનો પ્રયત્ન પણ પ્રક્ષેપ જ છે. વિરાટપર્વમાં દુર્ગાસ્તોત્રને પ્રક્ષિપ્ત જ ગણ્યું છે. વળી દક્ષિણી વાચના, ઉત્તરી વાચના અને જાપાનીઝ કથાસારની તુલના કરતા ઘણા શ્લોકો અને પંકિતઓ નીકળે છે.

આમ અનેક હસ્તપ્રતોના વર્ગીકરણ અને તુલનાત્મક અધ્યયન દ્વારા આવા પ્રક્ષેપો તારવીને પરિશિષ્ટ રૂપે સમીક્ષિત આવૃત્તિમાં આપવામાં આવ્યાં છે. આમ અનેક પ્રક્ષેપો તથા પુનરાવૃત્તિઓને બાદ કરીએ તો પણ મહાભારતની લોકપ્રિયતા હજુ સુધી ટકી રહી છે.તેની અનેકતામાં અખંડ ભારતનું દર્શન થાય છે. સામાન્ય ધર્મને માનવ ધર્મની સાથે એક સૂત્રે બાંધનાર મહાભારત જગતનો સર્વશ્રેષ્ઠ આકર ગ્રન્થ છે. તથા તે સમગ્ર સાહિત્ય છે. આથી જ શ્રી વિન્ટરનિટ્ઝ કહે છેઃ-

The Mahabharata is not one poetic Production at all but rather a whole literature," આવા પ્રચંડ કદવાળા સાહિત્ય માટે તેઓ કહે છેઃ

"The Mahabharata is a whole literary monster."

પાદટીપ :

1. वव्यातैकं चतुर्धा यो वेदं वेद वदां वरः ।
2. त्रि भवर्षैः सदोत्थायी कृष्णद्वैपायनो मुनिः। महाभारतमाख्यानं कृतवानिदमुत्तमम्।। म.भा.1/62/52
3. भारत पञ्चमो वेदः। कार्ष्णं वेद भमं वद्वान् श्रावयित्वा धर्मश्नुते । म.आ. 1/205
4. चत्वार एकतो वेदा भारतं चैवमेकतः समागतैः सुर र्ष भस्तुलामारो पतं पुरा । महत्वे च गुरुत्वे च प्रयमाणं ततो धकम् ॥ - म.आ.।
5. भारतानां महञ्जन्म महाभारतमुच्यते । -म.भा. 1/56/41
6. यन्न भारते तन्नभारते ॥
7. ડૉ. ઉ. જ. સાંડેસરા ; "વેદવ્યાસ અને મહાભારત," પૃ.૧
8. Sukhankur V.S. & Belvalker S.K.- The subhaparvan - critical edition. Intro

ISBN-978-81-977089-3-0
Second Edition

એગ્રીકલ્ચરલ ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી આત્મા

ડૉ. કિંજલબા ધર્મેન્દ્રસિંહ ચુડાસમા
આસિસ્ટન્ટ પ્રોફેસર (અધ્યાપક સહાયક), અર્થશાસ્ત્ર વિભાગ,
મણીબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડી
ભારતીબેન રમેશભાઈ પ્રજાપતિ
મુલાકાતી વ્યાખ્યાતા, અર્થશાસ્ત્ર વિભાગ,
મણીબેન એમ. પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડી

પરિચય

એગ્રીકલ્ચરલ ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી આત્મા એ જીલ્લા કક્ષાએ કાર્યરત 'રજીસ્ટજર્ડ સોસાયટી છે. જે જીલ્લાના ટકાઉ કૃષિ વિકાસ માટે જીલ્લાની તમામ કૃષિ સંલગ્ન સંસ્થાઓ (સ્ટેક હોલ્ડ્સ) ને આયોજનથી લઇને અમલ સુધીની ક્રિયામાં સામેલ રાખીને કાર્ય કરવા જવાબદાર છે.

આ એજન્સીનું મુખ્ય કાર્ય જીલ્લાની તમામ સંશોધન અને વિસ્તરણ પ્રવૃત્તિઓનું સંકલન કરવું તેમજ પબ્લીક એગ્રીકલ્ચર ટેકનોલોજી સીસ્ટમની રોજબરોજની વ્યવસ્થાનું વિકેન્દ્રીકરણ કરવાનું છે. આત્મા કૃષિ તજજ્ઞતાના પ્રસારની પ્રવૃત્તિઓ હાથ ધરવા તેમજ જીલ્લાના તમામ વિકાસ વિભાગ, સંશોધન સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, કૃષિ વિકાસ સાથે સંકળાયેલી સંસ્થાઓ, વગેરે સાથે જીવંત જોડાણ સ્થાપિત કરવા જવાબદાર છે.

આત્મા પ્રોજેક્ટ એ ભારત સરકાર દ્વારા ખેડૂતોને સમર્થન અને સશક્તિકરણ કરવા માટે શરૂ કરવામાં આવેલ પહેલ છે. "આત્મા" એ એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી માટે વપરાય છે, અને તે ભારતમાં કૃષિ વિસ્તરણ પ્રણાલીને પુનર્જીવિત કરવા અને સુધારવા માટે રચાયેલ નેશનલ એગ્રીકલ્ચરલ ટેકનોલોજી પ્રોજેક્ટ (NATP) નો એક ભાગ છે.

આત્મા પ્રોજેક્ટના મુખ્ય ઉદ્દેશ્યો:

ખેડૂત સશક્તિકરણ: ખેડૂતોને કૃષિ પદ્ધતિઓ સુધારવા માટે જરૂરી માહિતી, જ્ઞાન અને ટેકનોલોજી પ્રદાન કરીને તેમની ક્ષમતા અને કૌશલ્યને વધારવું.

સામુદાયિક ભાગીદારી: નિર્ણય લેવાની પ્રક્રિયા, આયોજન અને કૃષિ વિકાસ કાર્યક્રમોના અમલીકરણમાં ખેડૂતોની સંડોવણીને પ્રોત્સાહિત કરવી.

ટેક્નોલોજીનો પ્રસાર: ઉત્પાદકતા અને ટકાઉપણું સુધારવા માટે નવી કૃષિ તકનીકો અને પદ્ધતિઓ અપનાવવાને પ્રોત્સાહન આપવું.

નેટવર્કિંગ: ખેડૂતો, કૃષિ વૈજ્ઞાનિકો, સંશોધકો અને સરકારી એજન્સીઓ સહિત વિવિધ હિતધારકો વચ્ચે મજબૂત જોડાણ સ્થાપિત કરવું.

કન્વર્જન્સ: ડુપ્લિકેશન ટાળવા અને સંસાધનોનો કાર્યક્ષમ ઉપયોગ થાય તેની ખાતરી કરવા માટે વિવિધ સરકારી યોજનાઓ અને કાર્યક્રમોનું સંકલન કરવું.

અમલીકરણ:

જિલ્લા સ્તર: ATMA જિલ્લા સ્તરે કાર્ય કરે છે અને કૃષિ તકનીકો અને નવીનતાઓના પ્રસાર માટે સંકલન માટે કેન્દ્રીય બિંદુ તરીકે સેવા આપે છે.

ફાર્મ સ્કૂલ્સ: એટીએમએ ફાર્મ સ્કૂલની સ્થાપના કરવામાં મદદ કરે છે જે સ્થાનિક ખેડૂતોને શ્રેષ્ઠ પદ્ધતિઓનું નિદર્શન કરે છે.

ખેડૂત જૂથો: ખેડૂત જૂથોની રચનાને સામાન્ય લક્ષ્યો પર સામૂહિક રીતે કામ કરવા અને સંસાધનોની વહેંચણી કરવા પ્રોત્સાહિત કરે છે.

કૃષિ વિસ્તરણ શિક્ષણની પ્રવૃતિઓ તથા નવા નવા સંશોધનો ખેડૂતોની જરૂરિયાત મુજબ ખેડૂતો સુધી પહોંચાડવા.

- ખેડૂતોની પોતાની ભાગીદારીથી પોતાની રીતે જ પોતે ઈચ્છે તે પ્રકારના નિર્ણયો લઈ શકે તે માટે સત્તાનું વિકેન્દ્રીકરણ કરવું.
- કૃષિ વિકાસ સાથે સંકળાયેલા તમામ સરકારી, અર્ધસરકારી, બિન સરકારી, વ્યાપારી ખેડૂત સંગઠનો તેમજ કૃષિ, બાગાયત, પશુપાલન, મત્સ્યઉદ્યોગ જેવા ખાતાઓનું સંકલન સાધવું.

આમ ઉપરોકત બાબતો જોઈએ તો આત્મા મુખ્યત્વે ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી (કૃષિ સંશોધનો ખેડૂતો સુધી પહોંચાડવા)નું કામ કરે છે. અગાઉના સમયમાં કૃષિ વિસ્તરણ માટે સામુદાયિક વિકાસ યોજનાઓ નેશનલ ડેમોન્સ્ટ્રેશન, તાલીમ અને મુલાકાત યોજના વગેરે કાર્યરત હતી. આત્મા યોજનામાં સરકારી એજન્સીઓની સાથે નવા પી.પી.પી. મોડના અભિગમ મુજબ પ્રાઈવેટ સંસ્થાઓને સાથે સાંકળી કામગીરી કરવામાં આવે છે. આપણા રાજયમાં આ યોજના પ્રાયોગિક ધોરણે ૨૦૦૫માં અમલમાં આવી હતી. વર્ષ ૨૦૦૭-૦૮થી તમામ જીલ્લામાં અમલમાં આવેલ છે. આ યોજના માટે ભારત સરકાર ૯૦% ગ્રાન્ટ આપે છે. જયારે રાજય સરકારનો ફાળો ૧૦% હોય છે.

જીલ્લા કક્ષાએ જીલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને આત્મા ગવર્નીંગ બોર્ડ કામગીરી કરે છે જે જીલ્લાની આત્માની તમામ પ્રવૃતિઓનું અમલીકરણ, મોનીટરીંગ અને સંચાલન કરે છે.

મિશન અને વિઝન

મિશન

આત્મા યોજના હેઠળ જીલ્લાના તમામ તાલુકા તથા ગામોના ખેડૂતો માટે તેમની જરૂરિયાત આધારિત પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે ગ્રામ્ય કક્ષાએ જાહેર સંસ્થાઓ, ખાનગી સંસ્થાઓ, એનજીઓ, પેરા

ISBN-978-81-977089-3-0
Second Edition

એકસ્ટેન્શન વર્કર અને પ્રાઈવેટ ઈનપુટ ડીલરના સહિયારા પ્રયત્નોથી ગામોમાં જુદા જુદા રસ ધરાવતા ખેડૂતોના જૂથો (ફાર્મર્સ ઈન્ટરેસ્ટ ગૃપ્સ)ની રચના કરવી એ પાયાની પ્રવૃત્તિ છે.

વિઝન

એગ્રીકલ્ચરલ ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી એ જીલ્લા કક્ષાએ કાર્યરત રજીસ્ટર્ડ સોસાયટી છે જે જીલ્લાના ટકાઉ કૃષિ વિકાસ માટે જીલ્લાની તમામ કૃષિ સંલગ્ન સંસ્થાઓની સાથે રહીને ખેડૂતોના સર્વાંગી વિકાસ માટે કામ કરે છે. આ યોજનાનું મુખ્ય કાર્ય જીલ્લાની તમામ સંશોધન અને વિસ્તરણ પ્રવૃતિઓનું સંકલન કરવું તેમજ પબ્લીક એગ્રીકલ્ચર ટેકનોલોજી વ્યવસ્થાનું વિકેન્દ્રિય કરવાનું છે.

વહિવટી માળખું

રાજ્ય સ્તરીય



લાયકાત માટેના ધારાધોરણો

આત્મા યોજના હેઠળ રાજયના તમામ ખેડૂતો ગ્રામ્ય સ્તરે ફાર્મર્સ ઈન્ટરેસ્ટ ગૃપ (FIG) ની રચના કરી જે તે જીલ્લાના પ્રોજેકટ ડાયરેકટર, આત્મા મારફત રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ રજીસ્ટર્ડ ફાર્મર્સ ગૃપના સભ્યો યોજનાકીય લાભો મેળવી શકે છે.

યોજનાના લાભ

કૃષિવિષયક તાલીમ

ખેડૂતોને જુદા જુદા વિષયોની તાલીમ જીલ્લાની અંદર, રાજયની અંદર તેમજ રાજય બહાર આપવામાં આવે છે.

નિદર્શન

કૃષિ યુનિવર્સિટી દ્વારા બહાર પાડવામાં આવેલ નવા સંશોધનો ફાયદાકારક છે કે કેમ તે જાણી શકે તે માટે ખેડુતોના ખેતરમાં જુદા જુદા પાકમાં તેમજ જુદા જુદા વિષયનાનિદર્શનો ગોઠવીને ખેડુતોને પ્રત્યક્ષ માર્ગદર્શન આપવામાં આવે છે.

કિસાન પ્રેરણા પ્રવાસનું આયોજન

ખેડૂતો નવી ટેકનોલોજી જાણે અને પોતાના ખેતરમાં અપનાવે તે માટે જીલ્લાની અંદર, રાજયની અંદર અને રાજય બહારના પ્રેરણા પ્રવાસ આ યોજના હેઠળ યોજવામાં આવે છે.

કૃષિમેળા / પ્રદર્શનનું આયોજન

ખેડુતો નવી ટેકનોલોજીની અદ્યતન જાણકારી મેળવી શકે તે માટે દરેક જીલ્લા અને રાજયકક્ષાએ જુદા જુદા પ્રદર્શન / કૃષિ મેળા યોજીને ખેડુતોને પ્રત્યક્ષ બતાવવામાં આવે છે.

ખેડૂત-વૈજ્ઞાનિક ગોષ્ઠિ

વૈજ્ઞાનિકશ્રીઓના સંશોધનો ખેડુતો જાણી શકે અને તેમની જે સમસ્યાઓ છે તેની ચર્ચા વૈજ્ઞાનિકશ્રીઓ સાથે થઈ શકે તે માટે આ પ્રકારની કિસાન ગોષ્ઠિ પણ ગોઠવવામાં આવે છે.

ખેડૂત શાળા

ખેડુતો પોતાની કોઠાસુઝ તથા વૈજ્ઞાનિક અભિગમથીઉતમ રીતે ખેતી કરતાં હોય છે. તે વિસ્તારના સરેરાશ ખેડુતો આવા સિધ્ધહસ્ત પ્રગતિશીલ ખેડુતોના ખેતરની વખતો-વખત મુલાકાત લઈને જરૂરી માર્ગદર્શન પણ મેળવતા હોય છે. આ બાબતને વ્યવસ્થિત પ્રવૃતિ તરીકે લઈ તેમાં નિયમિતતા રહે તેવું આયોજન કરી તાલીમ સ્વરૂપે આવી મુલાકાત યોજાય તો શીખવાની પ્રક્રિયા ખૂબ સારી રીતે થાય. આથી ખેડુતથી-ખેડુત સુધીની તજજ્ઞતા વહનની પ્રક્રિયા માટે આ યોજનામાં ખેતર પર ચાલતી ખેતીની પાઠશાળા તરીકે ખેતર-શાળા (ફાર્મસ્કુલ) ની જોગવાઈ છે. જેમાં જે તે પાકના સમયગાળામાં ૫-૬ વખત પ્રગતિશીલ ખેડુતના ખેતરે આવી તાલીમ નિયમિત યોજવામાં આવે છે. જેમાં શિક્ષકો પણ સિધ્ધહસ્ત ખેડુતો અને વિદ્યાર્થીઓ પણ ખેડુતો હોય છે.

બેસ્ટ આત્મા ફાર્મર્સ એવોર્ડ

ખેડુતોને તેમની સિધ્ધિ બદલ બિરદાવવાની પણ યોજનામાં જોગવાઈ છે. ખેડુતો પોતે પોતાની કોઠાસુઝથી નવી નવી બાબતો અપનાવે અને પોતાની રીતે સારી કામગીરી કરે તેવા ખેડુતોને બેસ્ટ આત્મા ફાર્મર્સ એવોર્ડ પણ આપવામાં આવે છે. તેમાં તાલુકા કક્ષાએ, જીલ્લા કક્ષાએ અને રાજય કક્ષાએ રૂા.૧૦૦૦૦/- થી ૫૦૦૦૦/- સુધી એવોર્ડ આપવામાં આવે છે. આ માટે દર વર્ષે ખેડુત મિત્રો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે અરજીઓ એકત્રીત કરી તેની ચાર તબકકે ચકાસણી કરી અને સિધ્ધહસ્ત ખેડુતોને એવોર્ડ માટે પસંદ કરવામાં આવે છે.

ખેડૂતો માટે ફાયદા:

માહિતીની ઍક્સેસ: ખેડૂતો નવીનતમ કૃષિ તકનીકો, બજારના વલણો અને સરકારી યોજનાઓ સુધી પહોંચે છે.

તાલીમ કાર્યક્રમો: ખેડૂતોની કુશળતા વધારવા માટે નિયમિત તાલીમ કાર્યક્રમો અને વર્કશોપનું આયોજન કરે છે.

સપોર્ટ સેવાઓ: ઇનપુટ્સ, ક્રેડિટ અને માર્કેટિંગ સહાયના સંદર્ભમાં સપોર્ટ પૂરો પાડે છે. આ પ્રોજેક્ટ ટકાઉ કૃષિને પ્રોત્સાહન આપવા અને ભારતમાં ખેડૂતોની આજીવિકા સુધારવા માટે મહત્વપૂર્ણ છે.

આત્મા પ્રોજેક્ટ અને ખેડૂત વિકાસ

આત્મા પ્રોજેક્ટ (કૃષિ ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી) એ ભારતમાં એક પહેલ છે જેનો ઉદ્દેશ્ય ખેડૂત સશક્તિકરણ અને ક્ષમતા નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરીને કૃષિને પુનર્જીવિત અને વિકાસ કરવાનો છે. તે ટકાઉ કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા, ઉત્પાદકતામાં સુધારો કરવા અને ખેડૂતોની આવક વધારવાનો પ્રયાસ કરે છે. આત્મા પ્રોજેક્ટ ખેડૂત વિકાસ સાથે કેવી રીતે જોડાય છે તે અહીં છે:

1. ખેડૂત સશક્તિકરણ:

તાલીમ અને ક્ષમતા નિર્માણ: આ પ્રોજેક્ટ ખેડૂતો માટે આધુનિક કૃષિ પદ્ધતિઓ પર તાલીમ કાર્યક્રમોનું આયોજન કરે છે, જેમાં ટેકનોલોજીનો ઉપયોગ, જંતુ વ્યવસ્થાપન અને પાકની સુધારેલી જાતોનો સમાવેશ થાય છે.

ફાર્મર ફીલ્ડ સ્કૂલ્સ (FFS): આની સ્થાપના હાથથી શીખવાના અનુભવો પ્રદાન કરવા માટે કરવામાં આવી છે જ્યાં ખેડૂતો પ્રયોગ કરી શકે છે અને નવી તકનીકો વિશે સીધા ખેતરોમાં શીખી શકે છે.

2. **તકનીકી એકીકરણ**:

આધુનિક તકનીકોનો પરિચય: આ પ્રોજેક્ટ આધુનિક કૃષિ તકનીકોને અપનાવવા પ્રોત્સાહન આપે છે, જેમાં સુધારેલા બિયારણનો ઉપયોગ, સારી સિંચાઈ તકનીકો અને કાર્યક્ષમ ખેતી વ્યવસ્થાપન પદ્ધતિઓનો સમાવેશ થાય છે.

ICT સાધનો: માહિતી અને સંદેશાવ્યવહાર ટેકનોલોજી સાધનોનો ઉપયોગ ખેડૂતોને હવામાનની આગાહીઓ, બજાર કિંમતો અને શ્રેષ્ઠ પ્રથાઓ સંબંધિત વાસ્તવિક સમયની માહિતી પ્રસારિત કરવા માટે થાય છે.

3. બજાર પ્રવેશ અને જોડાણો:

બજારની માહિતી: ખેડૂતોને અદ્યતન બજાર માહિતી પૂરી પાડવામાં આવે છે, જે તેમને તેમની પેદાશોના સારા ભાવ મેળવવામાં મદદ કરે છે.

ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન્સ (FPOs): આ પ્રોજેક્ટ FPO ની રચનાને પ્રોત્સાહિત કરે છે જેથી ખેડૂતો સામૂહિક રીતે બજારમાં સારી શરતો માટે વાટાઘાટો કરી શકે.

4. ટકાઉપણું અને પર્યાવરણીય સંરક્ષણ:

ટકાઉ વ્યવહારો: ટકાઉ ખેતી પદ્ધતિઓ અપનાવવા પર ભાર મૂકવામાં આવે છે જે સંસાધનોનું સંરક્ષણ કરે છે અને જમીનની ફળદ્રુપતા જાળવી રાખે છે.

ઓર્ગેનિક ફાર્મિંગ: પ્રોજેક્ટ ઓર્ગેનિક ખેતીની પહેલને પણ સમર્થન આપે છે, જે પર્યાવરણને અનુકૂળ છે અને બજારમાં ઊંચી કિંમતો મેળવે છે.

5. નાણાકીય સહાય અને વીમો:

ધિરાણ અને લોન: આ પ્રોજેક્ટ ખેડૂતો માટે ધિરાણ અને લોનની ઍક્સેસની સુવિધા આપે છે, જેનાથી તેઓ વધુ સારા ઇનપુટ્સ અને ટેકનોલોજીમાં રોકાણ કરી શકે છે.

પાક વીમો: હવામાનની ચરમસીમા અથવા જીવાતોના હુમલા જેવા અણધાર્યા સંજોગોને કારણે પાક નિષ્ફળતા સામે ખેડૂતોને બચાવવા માટે વીમા યોજનાઓને પ્રોત્સાહન આપવામાં આવે છે.

6. સમુદાયની ભાગીદારી:

સહભાગી અભિગમ: પ્રોજેક્ટ નિર્ણય લેવાની પ્રક્રિયામાં ખેડૂત સમુદાયને સામેલ કરે છે, તે સુનિશ્ચિત કરે છે કે હસ્તક્ષેપ તેમની ચોક્કસ જરૂરિયાતો અને સંજોગોને અનુરૂપ છે.

7. એક્સ્ટેંશન સેવાઓ:

એગ્રી-ક્લિનિક્સ અને એગ્રી-બિઝનેસ સેન્ટર્સ: ખેડૂતોને નિષ્ણાત સલાહ, સેવાઓ અને ઇનપુટ્સની ઍક્સેસ પ્રદાન કરવા માટે આની સ્થાપના કરવામાં આવી છે.

મોબાઇલ સેવાઓ: દૂરના ખેડૂતોને પણ સમયસર સલાહ અને સમર્થન મળે તે સુનિશ્ચિત કરવા માટે મોબાઇલ-આધારિત વિસ્તરણ સેવાઓ પ્રદાન કરવામાં આવે છે.

એકંદરે, આત્મા પ્રોજેક્ટ કૃષિ વિકાસના વિવિધ પાસાઓને સંકલિત કરીને, ટેક્નોલોજી અપનાવવાથી લઈને બજારની પહોંચ અને ટકાઉપણું સુધી, આખરે સમગ્ર ભારતભરના ખેડૂતોની આજીવિકામાં સુધારો લાવવાનું લક્ષ્ય રાખીને ખેડૂત વિકાસમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

આત્મા પ્રોજેક્ટ અને ખેતી વિકાસ

ATMA પ્રોજેક્ટની મુખ્ય વિશેષતાઓ:

1. વિકેન્દ્રિત એક્સ્ટેંશન સિસ્ટમ:

- એટીએમએ જિલ્લા સ્તરે કાર્ય કરે છે અને ખેડૂતોની જરૂરિયાતોને વધુ સારી રીતે સંબોધવા માટે વિસ્તરણ પ્રણાલીના વિકેન્દ્રીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- તે કૃષિ વિકાસ પ્રવૃત્તિઓના આયોજન અને અમલીકરણમાં ખેડૂતો, મહિલાઓ અને ગ્રામીણ યુવાનો સહિત સ્થાનિક સમુદાયોની સહભાગિતાને પ્રોત્સાહિત કરે છે.

2. ખેડૂત-કેન્દ્રિત અભિગમ:

- આ પ્રોજેક્ટ ખેડૂતોની જરૂરિયાતો અને આકાંક્ષાઓને પ્રાથમિકતા આપે છે, માંગ આધારિત કૃષિ સેવાઓને પ્રોત્સાહન આપે છે.
- તે તાલીમ, પ્રદર્શનો અને એક્સપોઝર મુલાકાતો દ્વારા નવીન અને ટકાઉ ખેતી પદ્ધતિઓ અપનાવવા પ્રોત્સાહિત કરે છે.

3. કાર્યક્રમોનું સંકલન:

- એટીએમએ વિવિધ કૃષિ વિકાસ કાર્યક્રમો માટે સંકલન કરતી સંસ્થા તરીકે કાર્ય કરે છે, તે સુનિશ્ચિત કરે છે કે સંસાધનોનો અસરકારક રીતે ઉપયોગ થાય છે અને પ્રયત્નોની કોઈ ડુપ્લિકેશન નથી.

- તે તેના ઉદ્દેશ્યો સિદ્ધ કરવા માટે અન્ય સરકારી એજન્સીઓ, બિન-સરકારી સંસ્થાઓ (એનજીઓ) અને ખાનગી ક્ષેત્ર સાથે મળીને કામ કરે છે.

4. ક્ષમતા નિર્માણ:

- આ પ્રોજેક્ટ તાલીમ અને કૌશલ્ય વિકાસ કાર્યક્રમો દ્વારા ખેડૂતો, વિસ્તરણ કામદારો અને અન્ય હિતધારકોની ક્ષમતાના નિર્માણ પર ભાર મૂકે છે.

- તે ખેડૂત હિત જૂથો (FIGs), સ્વ-સહાય જૂથો (SHGs), અને અન્ય સમુદાય-આધારિત સંસ્થાઓની રચનાને પણ સમર્થન આપે છે.

5. ટેક્નોલોજીનો ઉપયોગ:

- એટીએમએ ખેડૂતોને બજાર કિંમતો, હવામાન પરિસ્થિતિઓ અને શ્રેષ્ઠ પ્રથાઓ વિશે વાસ્તવિક સમયની માહિતી પ્રદાન કરવા માટે કૃષિમાં માહિતી અને સંચાર તકનીક (ICT) ના ઉપયોગને પ્રોત્સાહન આપે છે.

- તે ખેડૂત-મૈત્રીપૂર્ણ મોબાઈલ એપ્સ અને જ્ઞાનના પ્રસાર માટે ઓનલાઈન પ્લેટફોર્મના વિકાસને પણ સમર્થન આપે છે.

કૃષિ વિકાસ પર અસર:

ઉત્પાદકતામાં વધારો: એટીએમએ હેઠળ પ્રમોટ કરાયેલ આધુનિક ખેતી તકનીકો અને તકનીકોને અપનાવીને, ખેડૂતો પાકની ઉપજ અને આવકમાં સુધારો કરવામાં સક્ષમ બન્યા છે.

ટકાઉ વ્યવહાર: આ પ્રોજેક્ટ ટકાઉ કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહિત કરે છે, જેમ કે સજીવ ખેતી, સંકલિત જંતુ વ્યવસ્થાપન (IPM), અને જળ સંરક્ષણ.

સુધારેલ આજીવિકા: એટીએમએ ખેડૂતોની આજીવિકા વધારીને અને ગરીબી ઘટાડીને ગ્રામીણ વિસ્તારોના સર્વાંગી વિકાસમાં ફાળો આપ્યો છે.

ઉન્નત એક્સ્ટેંશન સેવાઓ : ATMA ના વિકેન્દ્રિત અને સહભાગી અભિગમને કારણે વધુ અસરકારક અને પ્રતિભાવશીલ એક્સ્ટેંશન સેવાઓ મળી છે.

એકંદરે, ATMA પ્રોજેક્ટે ખેડૂતોને સશક્તિકરણ કરીને, વિસ્તરણ સેવાઓમાં સુધારો કરીને અને ટકાઉ કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન આપીને ભારતમાં કૃષિ વિકાસને આગળ વધારવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી છે.

ખેડુતોઉપયોગી કૃષિ સાહિત્યનું પ્રકાશન

- ખેતી વ્યવસ્થાપનનાં સર્વાંગી વિકાસ માટે ખાનગી ક્ષેત્રો ની ભાગીદારી/ સહયોગ ને પ્રોત્સાહન આપવું
- ખેતી વ્યવસાય ક્ષેત્રે મહિલાઓની ભાગીદારી/ યોગદાનને પ્રોત્સાહન આપવું
- કૃષિ તથા સંલગ્ન ક્ષેત્રોમાં સધાયેલ વિશિષ્ટ સફળતાની સફળ વાર્તાઓ તૈયાર કરી તેનું પ્રકાશન/ પ્રસાર કરવો

યોજનાના લાભ કેવી રીતે મળી શકે

આ યોજના હેઠળ ગ્રામ્ય સ્તરે ખેડુતરસ જુથ (FIG) ની રચના કરવામાં આવે છે. આત્મા પ્રોજેકટ ડાયરેકટર મારફત રજીસ્ટ્રેશન થયા બાદ આ રજીસ્ટર્ડ ફાર્મર્સ ગૃપના સભ્યો મારફતે જ યોજનાકીય પ્રવૃતિઓ હાથ ધરવાની હોય છે.એક ગ્રુપમાં ૧૧ - ૨૫ ખેડુતો હોય છે. ગ્રુપ દીઠ રૂ.૨૫૦/- નોંધણીફી હોય છે. દરેક સભ્યદીઠ રૂ.૧૦/- ફી લઈને નોંધણી કરાવી શકાય છે. આ માટે ગ્રામ્ય કક્ષાએ ફાર્મર ફ્રેન્ડ અથવા તાલુકા કક્ષાએ બ્લોક ટેકનોલોજી મેનેજર કે સબ્જેકટ મેટર સ્પેશિયાલીસ્ટનો સંપર્ક કરવાથી માહિતી મળી શકે છે.

Reference

- નેશનલ મિશન ઓન એગ્રીકલ્ચરલ એક્સ્ટેન્શન(NMAET)નવી માર્ગદર્શિકા
- https://gu.vikaspedia.in/agriculture/a95ac3ab7abf-a85aa8ac7-ab8ab2a82a97acdaa8-aaeabeab3a96ac1a82-1/ab8ab2a82a97acdaa8-ab8a82ab8acdaa5abea93/a8fa97acdab0ac0a95ab2acda9aab0ab2-a9fac7a95aa8acbab2acba9cac0-aaeac7aa8ac7a9caaeac7aa8acda9f-a8fa9caa8acdab8ac0-a86aa4acdaaeabe/a8fa97acdab0ac0a95ab2acda9aab0ab2-a9fac7a95aa8acbab2acba9cac0-aaeac7aa8ac7a9caaeac7aa8acda9f-a8fa9caa8acdab8ac0-a86aa4acdaaeabe